**સુવિચાર**
પરીક્ષાનાં સમયે આખું પુસ્તક ન વંચાય, અગત્યના મુદ્દાઓનું લિસ્ટ કરાય અને મુદ્દાનું વિશ્લેષણ કરાય.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૧૦/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૬૪

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધ: હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા યુરોલોજીસ્ટ
તારીખ : ૨૪-૧૦-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કીડની
Prostate Cancer
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## કપાસ ભરેલ વાહનોની ૨ કિ.મી. લાંબી લાઈન જોવા મળી

# અરે વાહ : બાબરામાં માર્કેટયાર્ડમાં ૩૦ હજાર મણ કપાસની આવક

- ચિતલ, અમરેલી, ઢસા, વલ્લભીપુર, જસદણ, રંઘોળા, તળાજા સહિતનાં વિસ્તારોમાંથી કપાસની આવક
- ખેડૂતોને પ્રતિ મણ રૂપિયા ૧૪૦૦થી ૧૬૦૦નો ભાવ કપાસનો મળતો હોવાથી સૌ ખૂશ
- જસદણ યાર્ડ બંધ અને દિવાળી નજીકમાં હોવાથી ખેડૂતો મોટા પ્રમાણમાં કપાસનું કરે છે વેચાણ
- જો કે જિલ્લાનાં અનેક વિસ્તારોમાં થયેલ અતિવૃષ્ટિથી કપાસનાં પાકને વ્યાપક નુકસાન પણ થયેલ છે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૨

બાબરામાં માર્કેટીંગયાર્ડમાં આજે કપાસ ભરેલા વાહન ની બે કિલોમીટર સુધી લાંબી લાઈન જોવા મળીહતીતેમજયાર્ડનીઅંદરકપાસનાં ઢગલા જોવા મળતા યાર્ડ કપાસથી છલકાય ગયું હતું . દિવાળીનો તહેવાર નજીકઆવતાખેડૂતોઅન્યખરીદીતેમજ વ્યવહારમાટેકપાસવેચાણમાટેબાબરા સહિત અન્ય વિસ્તારમાંથી આવી રહ્યા છે.

બાબરા માર્કેટીંગ યાર્ડમાં આજેસિઝનનીશરૂઆતમાંરપથી ૩૦ હજાર મણની આવક જોવા મળી હતી તેમજ ભાવ પણ રૂા. ૧૬૦૦ સુધી બોલાતાં ખેડૂતોમાં આનંદ જોવા મળી રહ્યોહતો.બાબરાયાર્ડમાંબાબરાતાલુકા સહિત જસદણ, અમરેલી, તળાજા, વલ્લભીપુર, ગઢડા સહિત સૌરાષ્ટ્રના મોટાભાગનાસેન્ટરમાંથીકપાસવેચાણ માટેખેડૂતોઆવીરહ્યાછે. યાર્ડનીઅંદર તેમજ બહાર દૂર સુધી કપાસ ભરેલા વાહનોની લાંબી લાઈન જોવા મળી રહીછે.

યાર્ડનાસેક્રેટરીઅજયભાઈ પંડયાએજણાવ્યુંહતુંકે,યાર્ડમાંકપાસની આવક વધુ જોવા મળી છે જેનું કારણ દિવાળીનો તહેવાર તેમજ જસદણ યાર્ડ બંધ છે માટે વધુ આવક જોવા મળી રહી છે. હાલયાર્ડમાંરપહજારથીવધુઆવક જોવામળીરહીછેતેમજભાવમાંનબળા કપાસનો ૧૨૦૦ રૂપિયા ભાવ જોવા મળીરહ્યોછેઅનેસરેરાશ ૧૪૦૦થી ૧૬૨૫સુધીસારાકપાસમાંઉંચાભાવ રહ્યા છે.

## રૂપિયા ૨૫૦૦ને લઈને થપ્પડ ખાધી

# લીલીયામોટાનાં શ્રમિક યુવકે પૈસાની ઉઘરાણી બાબતે ઝેર ગટગટાવ્યુ

## પ્રાથમિક સારવાર બાદ રાજકોટ ખાતે સારવારમાં

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
69,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી, તા. ૨૨

લીલીયામાં ઉછીના પૈસાની ઉઘરાણી પ્રશ્ને યુવકને ફડકો ઝીકી મારી નાખવાની ધમકી આપતા યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે લીલીયા પોલીસે ત્રણ શખસો સામે ગુનો નોંધ્યો છે.

લીલીયામાં મીતા રેડીઓ વાળી શેરીમાં રહેતો કિશન ભનુભાઈ રૂદાલતા (ઉ.વ. ૨૪)નો યુવક ગઈ કાલે ઘર હતો ત્યારે ઝેરી દવા પી લેતા ૧૦૮ મારફતે પ્રથમ લીલીયા બાદ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લાનાં માનવ વસાહતમાં રાનીપશુઓનાં રોજિંદા આંટાફેરા

# જાફરાબાદનાં જીકાદ્રી ગામની સીમમાંથી સિંહણે શ્રમિક પરિવારનાં બાળકને ઢસડી લઈ મોતને ઘાટ ઉતાર્યો

## વન વિભાગની શોધખોળનાં અંતે બાળકનાં અવશેષો જ મળ્યા



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામા સિંહો અને દીપડાની સંખ્યામાં સતત વધારો થવાનાકારણેમાનવમૃત્યુનાબનાવોપણ હવે સામે આવી રહ્યા છે. જાફરાબાદ તાલુકાના નવી જીકાદ્રી ગામમાં આવેલ વાડીવિસ્તાર રામકુભાઈ ધાખડાની વાડીમા સાંજના સમયે કપાસના વણમાં મજૂર પરિવાર મજૂરી કામ કરતો હતો જેમા ૨ છોકરા રમતા હતા. તે દરમ્યાન અહીં ૫ વર્ષીય બાળક આરૂષ લાલજીભાઈ જોળિયા નામના બાળકને સિંહણે પકડી દૂર સુધી સિંહણ કપાસના વણમાં ભાગી જતા અન્ય બાળક દ્રશ્યો જોઈ ભાગ્યો. પરિવારને ધ્યાનમાં આવતા સ્થાનિક લોકો એકઠા થયા જાફરાબાદ રેન્જ વનવિભાગને જાણ કરતા વનવિભાગના આર.એફ.ઓ. સહિતટીમઘટનાસ્થળેદોડીઆવી

અનુસંધાન પાના ૬ ઉપર

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૨૪-૧૦-૨૦૨૪, ગુરૂવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
• યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો • આયુર્વેદીક રસીકરણ
• ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો • પાચનશકિતમાં વધારો
• રોગપ્રતિકારક શક્તિ વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
• મગજતેજ અને બાળક ઉત્સાહી બને

### જયાંથી જિલ્લાભરમાં સ્વચ્છતા અભિયાનનું મોનિટરીંગ થતું હોય તેવા

# લ્યો બોલો : અમરેલીનાં જિલ્લા સેવા સદનમાં જ સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે

### જિલ્લાભરમાંથી આવતા અરજદારોને પણ આશ્ચર્ય થયા કરે છે



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાનું સમગ્ર વહીવટી તંત્ર જયાંથી સંચાલન થતું હોય છે, જયાંથી જિલ્લાભરમાં શરૂ થયેલ સ્વચ્છતા અભિયાનની દેખરેખ રખાતી હોય છે તેવા જિલ્લા સેવા સદન કચેરીનાં પટાંગણ, ટોઈલેટ વગેરેમાં જ સ્વચ્છતાનો અભાવ જોવા મળતા જિલ્લાભરમાંથી આવતાં અરજદારોમાં પણ આશ્ચર્ય ફેલાયું છે.

જિલ્લા સેવા સદનમાં ઉચ્ચ અધિકારીઓની કચેરીઓ આવેલી છે, પદાધિકારીઓની પણ અવરજવર રહેતી હોય છતાં પણ સ્વચ્છતાનો અભાવ જોવા મળતો હોય જિલ્લાનાં અંતરિયાળ વિસ્તારથી લઈને તાલુકા કક્ષાની કચેરીઓમાં કેવી હાલત હશે તે સમજી શકાય તેમ છે.

### સાંથણીમાં મળેલ જમીન છીનવાઈ જતાં

# લાઠીનાં જરખીયાનાં ખેડૂત ન્યાય માટે પ્રધાનમંત્રીનાં કાર્યક્રમમાં વિરોધ પ્રદર્શન કરશે

### જીલ્લા કલેકટરને પત્ર પાઠવીને જાણ કરી

લાઠી, તા. ૨૨

લાઠીનાં ગુણવંતભાઈ રાઠોડે જીલ્લા કલેકટરને પત્ર પાઠવીને તેઓને વર્ષ ૧૯૬૮માંખ ભુરખીયા ગામે સાથણીમાં મળેલ જમીન સરકાર થઈ જવાના બનાવમાં વિરોધ કરશે તેવી ચીમકી આપી છે.

પત્રમાં જણાવેલ છે કે, મારા પિતા હિરાભાઈ દેસાભાઈને તા. ૭/૫/૧૯૬૮માં સરકારએ સાથણીમાં ફાળવેલી જમીન હોય અને અમો પછાત વર્ગનાં આમ માણસો તે જમીન ખેડી ખાતા હોઈએ, ગુજારો કરતા હોઈએ, તે જમીન સ.નં.૫૦૫ પૈરી ૨૯ તથા હે.આરે. ચો.મી ૧/૬૧/૮૮ ખાતા નં.૨૪૪ આવેલી છે તે જમીન હાલના સાશન પ્રસાશને સરકાર કરીને ઓમેન નીરાધાર કરી દેવાયા છે.

આજ દિન સુધી તારીખ બાદ તારીખ પડતી હોય છે તેનાથી નારાજ અને હતાશ થઈને અમો તા. ૨૮/૧૦/૨૪ના રોજ લાઠી મુકામે પી.એમ.મોદીનો વિરોધ અને પ્રદર્શન કરીશું અને મારા જેવા કઈક લોકોને ન્યાય મળે તે આવા જ બુંલદ કરીશું. સુતેલા પ્રશાસનને જગાડીશું. સીસ્ટમના કારણોસર થયેલા અન્યાયનો વિરોધ કરીશું. જો પોલીસ પ્રસાશન મને ગોળી પણ મારી દે તો હું ન્યાય ખાતર શહિદ થવા પણ તૈયાર છું અને ભારતના યશસ્વી પી.એમ.નો વિરોધ પ્રસાશનના કારણે કરવો પડે છે એનાથી હું ખુબ જ દુ:ખી છું પણ મજબુર છું. તો જમીન મહેસુલ કાયદા પ્રમાણે ન્યાય મળે તેવી કાર્યવાહી કરવા અંતમાં જણાવેલ છે.

### જનતા લોહી-પાણી એક કરીને કરવેરા ભરે અને બદલામાં મળે પરેશાની

# બગસરામાં પાલિકાનાં શાસકોની ગુનાહિત બેદરકારીનાં કારણે અનેક માર્ગો બિસ્માર

### અવારનવાર વાહનો ખાડામાં ફસાઈ જતાં હોવાથી ચાલકો પરેશાન



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૨

બગસરા પાલિકા દ્વારા પોલીસસ્ટેશનથી બાયપાસ સુધીના રોડનું કામ ચાલુ છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી આ કામ ખોદકામ કર્યા બાદ બંધ કરી દેવામાં આવ્યું છે. ત્યારે ખોદકામની સાથો સાથ ગટરના ઢાંકણા પણ ખુલ્લા રાખવામાં આવ્યા છે. ત્યારે અહિથી પસાર થતા વાહનો અવારનવાર આ ગટરના ઢાંકણા ખુલ્લા હોવાના કારણે ખુંચી જતા જોવા મળી રહ્યા છે. ત્યારે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આવા બનાવો છાશવારે જોવા મળતા પાલિકા દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી જેના લીધે કોઈ ભયંકર અકસ્માત થાય તેની સંભાવના વર્તાઈ રહી છે. જયારે આજે પણ એક વાહન ચાલક પોતાની ફોરવ્હીલ લઈને ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આ ગટરનું ઢાંકણું ખુલ્લું હોવાના કારણે પોતાનું વાહન ત્યાં ખૂંચી ગયેલું હતું અને ભયંકર અકસ્માત થાય તેવી સંભાવના થઈ હતી. પરંતુ હાલમાં આ વાહન ચાલાક બચી ગયા હતા. જયારે આ રોડનું કામ કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ ધારાસભ્ય જે.વી. કાકડિયાની હાજરીમાં ખાતમુહૂર્ત કરી આ રોડના કામને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જયારે હાલમાં આ કામ બંધ હાલતમાં હોવાથી રાહદારીઓ તેમજ દુકાનદારોને ભયંકર હાલાકીનો સામનો કરવો પડે છે. દિવાળી જેવા તહેવારો આવી રહ્યા છે તેમ છતાં આ રોડ ખોદી નાખવામાં આવ્યો છે અને કામ પણ બંધ કરી દેવામાં આવ્યું છે જેના હિસાબે દુકાનદારોના ધંધા પણ ડીમ પડી ગયા છે. જયારે આ તમામ રાજકારણીઓની મિલીભગત છે કે પછી રોડ બનાવવાના નામે પોતાના ખીચા ભરે છે તેવા અનેક પ્રકારના સવાલો પણ ઉઠી રહ્યા છે. જયારે પાલિકા દ્વારા શા માટે આ કામ બંધ કરવામાં આવ્યું છે ? અને બંધ કરવામાં આવ્યું છે તો આ ઢાંકણા શું કામ ખુલ્લા રાખવામાં આવ્યા છે ? આવા વેધક સવાલો ઉઠી રહ્યા છે. શું પાલીકાના સત્તાધીશો કોઈ ભયંકર અકસ્માત થવાની રાહ જોઈ રહ્યા છે કે પછી કોન્ટ્રાકટર પાસેથી હપ્તાની ટકાવારી નક્કી નથી થયેલી આવા પણ સવાલો ઉઠી રહ્યા છે.

જયારે આ બાબતે પાલિકા પ્રમુખને પૂછતાં તેમણે જણાવ્યું કે કાકારી વાળાની હડતાલ હતી અને હાલમાં મજૂરો દિવાળી કરવા જતા રહ્યા છે હવે લાભ પાંચમ પછી ફરી કામગીરી શરૂ કરવામાં આવશે. તેમજ જે ઢાંકણા ખુલ્લા હતા તે બંધ કરી દીધા છે.

તો શું પાલિકા પાસે આ રોડ બનાવવા માટે બીજા કોઈ મજૂરો નથી અને રહી વાત ઢાંકણા ની તો પાલિકાના સત્તાધિશો અકસ્માતની થવાની રાહ જોય રહેલા હતા કે જયારે અકસ્માત થાય ત્યાર પછી ઢાંકણા બંધ કરવા. મજૂરોના હોવાના કારણે દિવાળી નિમિત્તેની વેપારીઓને નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે. આવા વેધક સવાલો લોકોમાં ઉઠી રહ્યા છે.

### પાલિકાનાં શાસકો આળશ ખંખેરે તો સારૂ

# જાફરાબાદમાં આખલાનાં યુધ્ધથી શહેરીજનોમાં ભયનો માહોલ છવાયો

### શહેરીજનો કરવેરા ભરતા હોય સુવિધા તો આપો

જાફરાબાદ, તા. ૨૨


જાફરાબાદનાં ટ્રાફિકથી ધમધમતા માર્ગો અને વિસ્તારોમાં અડિંગો જમાવીને બેસતા કે અવારનવાર યુધ્ધ કરતાં આખલાઓથી શહેરીજનો તોબા પોકારી ચુકયા હોય પાલિકાનાં શાસકો આળશ ખંખેરીને આખલાઓની સમસ્યાઓથી છુટકારો અપાવે તેવી માંગ ઉભી થઈ છે.

શહેરીનજનોએ પાલિકાથી લઈને ઉચ્ચ પદાધિકારીઓને રજૂઆત કરી છતાં પણ કોઈ પરિણામ મળતું નથી. શહેરીજનો લોહી–પાણી એક કરીને જે કમાણી કરે છે તેમાંથી સરકારની તિજોરી છલકાવે છતાં પ્રાથમિક સુવિધા મળતી નથી.



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

# જાણે પ્રકૃતિ પણ હવે પોકારી પોકારીને કહેતી હોય કે હવે પ્રકૃતિને પ્રાકૃતિક રીતે રહેવા દો



સાવરકુંડલા, તા. ૨૨

બદલતાં વૈશ્વિક પર્યાવરણીય પરિપેક્ષમાં ગતરોજ સાવરકુંડલા શહેરમાં અચાનક વાતાવરણમાં આવેલ પલ્ટા દરમિયાન સાંજે અહીં મહુવા બાયપાસ રોડ પર રાઠોડ હર્ષવર્ધનના કેમેરા દ્વારા કંડારાયેલ આસમાનની એક તસ્વીર.

### વીજળી પડવાથી મોત થતાં સરકાર મદદે આવી

# લાઠીનાં આંબરડીમાં મોતને ભેટેલનાં પરિવારજનોને આર્થિક સહાય ચુકવાઈ

### રાજય સરકારે ૪–૪ લાખની સહાય મંજુર કરી

અમરેલી, તા. ૨૨

અમરેલી જીલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી વરસાદ અને વીજળીએ વધુ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હોય, ત્યારે વીજળી પાડવાના કારણે જાનમાલનું મોટું નુકસાન થાય છે. ત્યારે બે દિવસ પહેલાં શનિવારે સાંજના સમયે વરસાદ સાથે વીજળી પડવાની ગંભીર ઘટના લાઠી તાલુકાના આંબરડી ખાતે ઘટી હતી. જેમાં વીજળી પડવાથી ત્રણ બાળકો સહિત ૫ વ્યકિતના ઘટના સ્થળે જ મોત થયા હતાં. બનાવમાં સરકારે દરેક મૃત્યુ પામનારના પરિવારનને રૂપિયા ૪ – ૪ લાખની સહાય મંજુરી કરી ચેક આપવામાં આવેલ છે.

આ બનાવમાં જાણવા મળતી માહિતી પ્રમાણે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના આંબરડી ગામે ખેતરમાં કપાસ વિણવાની ખેત મજૂર કામ ચાલું હતું. ત્યારે અચાનક ગાજવીજ સાથે વરસાદ શરૂ થતાં કપાસ વીણવાની કામગીરી કરતાં શ્રમિકોએ કામ અટકાવી અને મજૂરો ભારે વરસાદના કારણે વહેલા પોતાના ઘરે જવા નીકળ્યા હતાં. ત્યારે અચાનક જ કાળરૂપી વીજળી આકાશમાંથી ત્રાટકી હતી. અને આ મજુર પરિવાર વીજળી પડતાં ભારતીબેન સાથળીયા (ઉ.વ. ૩૫), શિલ્પાબેન વિજયભાઈ સાંથળીયા (ઉ.વ. ૧૮), રૂપાલીબેન દલસુખભાઈ વણોદિયા (ઉ.વ. ૧૮), રિધ્ધિ ભાવેશભાઈ સાંથળીયા (ઉ.વ.૫) તથા રાધેભાઈ ભાવેશભાઈ સાંથળીયા (ઉ.વ. ૫) સહિત ૫ વ્યકિતોઅના ઘટના સ્થળે મોત નીપજયા હતા. બનાવમાં સરકારે દરેક મૃત્યુ પામનારના પરિવારનેને ૪–૪ લાખની સહાય મંજુર કરી ચેક આપવામાં આવેલ છે.

# બાબરાનાં ખાનપર ગામેથી પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૨

બાબરા તાલુકાનાખાનપર ગામે રહેતા વસંતભાઈ સોમાભાઈ વાઘેલા સહિત પાંચેય ઈસમો તા. ૨૧ના રોજ ૪:૩૦ થી ૫ વાગ્યાના સમય દરમિયાન ખાનપર ગામે જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રમાડી કુલ રોકડ રૂપિયા ૧૦,૬૦૦ના મુદ્દામાલ સાથે પકડાઇ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# ઇશ્વરિયા ખાતે દિવ્યાંગોને નિ:શુલ્ક સહાયક ઉપકરણ વિતરણ કરાશે

અમરેલી, તા. ૨૨

ભારત સરકારની એડિપ યોજના અન્વયે ભારતીય કૃત્રિમ અંગ નિર્માણનિગમ (એલિમ્કો), કાનપુર દ્વારા તેમજ અમરેલી જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી દિવ્યાંગોને નિ:શુલ્ક સહાયક ઉપકરણ વિતરણ થશે. તા.૨૩ ઓકટોબર, ૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૯ વાગ્યે અમરેલી તાલુકાના ઈરિયા સ્થિત મોટા બાની વાડી ખાતે દિવ્યાંગોને નિ:શુલ્ક સહાયક ઉપકરણ વિતરણનો કાર્યક્રમ યોજાશે, તેમ અમરેલી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### વેપારીઓએ નાયબ દંડકને રજૂઆત કરી

# અમરેલીમાં વેપારથી ધમધમતા હરિરોડ માર્ગની હાલત અતિ બિસ્માર

### સતત અકસ્માત થતો હોવાનું પણ જણાવ્યું

અમરેલી, તા. ૨૨

અમરેલીમાં વેપારથી ધમધમતો હરિ રોડ અતિ બિસ્માર હાલતમાં હોય વેપારીઓએ નાયબ દંડકને પત્ર પાઠવીને માર્ગની મરામત કરવાની માંગ કરેલ છે.

### ત્રિવેદી પરિવાર દ્વારા

# અમરેલી : થોરડી ગામે નવચંડી યજ્ઞ યોજાયો

### ત્રિવેદી પરિવાર ઉપસ્થિત રહ્યો



અમરેલી, તા. ૨૨

અમરેલીનાં થોરડી ગામે ત્રિવેદી પરિવાર દ્વારા બુધ્ધનાથ અને નાગનાથ મંદિરનાં પટાંગણમાં નવચંડી યટ યોજાયો હતો. જેમાં ત્રિવેદી પરિવારે ઉપસ્થિત રહીને ધન્યતા અનુભવી હતી.

### પાલિકામાં રજૂઆત છતાં પરિણામ શૂન્ય

# બાબરામાં ભૂગર્ભ ગટરનાં ઢાંકણા તૂટી જતાં સ્થાનિકોમાં નારાજગીનો માહોલ

### જાગૃત નાગરિકે ચીફ ઓફિસરને રજૂઆત કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૨

બાબરામાં ભૂભર્ગ ગટરનાં ઢાંકણા તૂટી જતાં સ્થાનિકોમાં નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ અંગે જાગૃત નાગરિક ભરતભાઈ મારૂએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને જણાવેલ છે કે, ભૂગર્ભ ગટરનાં ઢાંકણા ખુલ્લા હોવાથી ગંદકીનો માહોલ છવાતો હોય પ્રમુખને રજૂઆત કરવા જતાં તેઓએ ઉધ્ધતાઈપૂર્વકનું વર્તન કર્યાનું પણ જણાવેલ હોય ગટરની સમસ્યા દૂર કરવા માંગ કરેલ છે.

### શહેરીજનોનાં રોજબરોજનાં કાર્યોનાં ઝડપી નિકાસ થશે

# આનંદો : બાબરામાં આગામી દિવસોમાં રૂપિયા ૧.૬૭ કરોડનાં ખર્ચે પાલિકા કચેરી બનશે

### પાલિકા પ્રમુખ, ઉપ પ્રમુખ અને કા.ચે.એ. ધારાસભ્યનો આભાર માન્યો

બાબરા, તા. ૨૨

બાબરા નગરપાલિકાની કચેરી નવી અને આધુનિક સુવિધાઓ સાથે સારી બને તેવી અનેકવાર સ્થાનિક અગ્રણીઓ અને પુર્વ પ્રમુખ દ્વારા સતત રજુઆત કરવામાં આવતી હતી શહેરના લોકોને કચેરીમાં તમામ સુવિધા અને સેવાઓ સરળતાથી મળી રહે તેવા હેતુ સાથે શહેરના પાલિકા કચેરી નવી બનાવવાની તાતી જરૂર હતી.

નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા શહેરમાં નગરપાલિકા કચેરી નવી બને તેના માટે લાઠી બાબરાના ધારાસભ્યને રજુઆત કરતા ધારાસભ્ય દ્વારા ત્વરિત આ બાબતે રાજય સરકારમાં રજુઆત કરતા રાજય સરકાર દ્વારા રૂ. ૧.૬૭ લાખ (પોણા બે કરોડ) ખર્ચે પાલિકા કચેરી નવી બનાવવાની મજુંરી આપતા નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા દ્વારા દુશી વ્યકત કરી ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે પાલિકા બિલ્ડીંગ નવી બનાવવા રૂ. ૧ કરોડ મંજુર થઈ ગયા છે અને તેનું આયોજન થઈ રહ્યું છે આગામી દિવસોમાં બાકી રકમ પણ રાજય સરકારમાં મંજુર થઈ આવતા કચેરીનું કામ શરૂ થઈ જશે અને શહેરને એક નવી પાલિકા ભેટમાં મળશે.

## ગમે ત્યાં વાહન પાર્ક કરો, રેંકડી, કેબિન કે પાથરણા લગાવો, અંધાધૂંધીનો માહોલ

# કોઈ પુછવાવાળુ જ નથી : અમરેલીમાં ટ્રાફિક સમસ્યા બેકાબુ

લાયબ્રેરી ચોક, નાગનાથ મંદિર ચોક, ભીડભંજન ચોક, ખાદીભવન સહિત અનેક સ્થળોએ બેકાબુ પરિસ્થિતિ

પાલિકા કે ટ્રાફિક વિભાગનાં કર્મચારીઓ કયાં ફરજ બજાવી રહ્યા છે તેની ખબર પડતી નથી

પોસ્ટ ઓફિસ પાછળનાં માર્ગ ઉપર તેમજ ગાંધીબાગની ફૂટપાથ પર પણ વ્યાપક દબાણ

ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓએ શહેરમાં પદયાત્રા યોજીને સમસ્યાનું નિરાકરણ કરવું જરૂરી





અમરેલી, તા. ૨૨

અમરેલી શહેરમાં છેલ્લા ઘણા મહિનાઓથી જાહેર માર્ગો, ફૂટપાથો ઉપર દિનપ્રતિદિન દબાણ વધી રહ્યું છે. આડેધડ વાહન પાર્ક થતાં હોય શહેરીજનોને માર્ગ પરથી પસાર થવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોય પાલિકા કે ટ્રાફિક વિભાગ ધ્વારા કોઈ કામગીરી જ કરવામાં આવતી નથી.

શહેરનાં રાજમાર્ગ સમાન લાયબ્રેરી રોડ, નાગનાથ ચોક, ભીડભંજન ચોક સહિતનાં વિસ્તારમાં આડેધડ વાહન પાર્કિંગ, રેંકડીઓ અને કેબિનોનો જમેલો તો નાગનાથ બસ સ્ટેન્ડમાં પણ વાહનોની હારમાળા તેમજ ફૂટપાથ પર કપડા, પાણીપુરીનું વેચાણ, ગાંધીબાગની ફૂટપાથ પરનું દબાણ સતત વધતું જાય છે.

લાયબ્રેરી ચોક અને રામજી મંદિર માર્ગ પરથી પસાર થવું એટલે લોઢાનાં ચણા ચાવવા જેવું કઠીન, ભીડભંજન ચોકમાં પણ ગંભીર પરિસ્થિતિ છતાં કોઈ જ કાર્યવાહી થતી નથી.

વાતાનુકુલિન કચેરીમાં ટ્રાફિક અંગેની મળતી બેઠકનું પણ કોઈ પરિણામ જોવા મળતું નથી.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીની રજૂઆત

## અમરેલી : અતિવૃષ્ટિથી થયેલ નુકસાનનું વળતર દિવાળી પહેલા જ આપવા માંગ

### મુખ્યમંત્રી સહાય જાહેર ન કરે ત આંદોલનની ચીમકી

અમરેલી, તા. ૨૨

ચાલુ વર્ષે અવિરત વરસાદ પડવાથી સમગ્ર અમરેલી જીલ્લામાં ખેડૂતોનો ચોમાસુ પાક સદંતર નિષ્ફળ ગયો છે, સતત વરસાદ પાડવાના લીધે સદંતર નિષ્ફળ ગયા છે, આ પાકો માટે ખેડૂતોને ખેડકામ, ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, પિયત, મજૂરી ખર્ચ, વગેરે જેવા ખર્ચાઓનો સરવાળો કરીને એક વીધે ૧૨૦૦૦ થી ૧૫૦૦૦ રૂપિયાનો ખર્ચો થાય છે, જેની સામે કમચાના ૮૫૦૦ તથા રાજય સરકારના ૨૫૦૦ રૂપિયા એમ બંને મળીને ૧૧૦૦૦ રૂપિયા પ્રતિ હેકટર સહાય ચૂકવવામાં આવે છે, જે ખૂબ જ ઓછા પ્રમાણમાં કહેવાય અને તે સહાયથી ખેડૂતોએ વિઘા દીઠ કરેલ ખર્ચો પણ નીકળતો નથી, માટે સર્વેના નાટક બંધ કરીને ખેડૂતોને મદદરૂપ થવા માટે તથા કુદરતી આફતમાંથી ખેડૂતોને ઉગારવા માટે સર્વે કર્યા વગર ખેડૂતોને વીઘા દીઠ ૨૫૦૦૦ રૂપિયાની સહાય ખેડૂતોના બેન્ક ખાતામાં સીધી જમા કરવામાં આવે, તથા હિન્દુ ધર્મનો પવિત્ર અને સૌથી મોટો તહેવાર દિવાળીના જયારે ગણતરીના જ દિવસો બાકી રહ્યા હોય ત્યારે ખેડૂતો પોતાના પરિવાર સાથે ખુશહાલીથી દિવાળીનો તહેવાર સારી રીતે ઉજવી શકે તે માટે રાજય સરકાર ખેડૂતોને અતિવૃષ્ટિથી થયેલ પાક નુકસાનીની સહાયની રકમ ખેડૂતોના સીધા બેંક ખાતામાં દિવાળી પહેલા જમા કરવામાં આવે, અને આના માટે ખેડૂતોને અતિવૃષ્ટિથી થયેલ પાક નુકસાનીના વળતર માટે ગુજરાતના મુખ્યમંત્રી દિવાળી પહેલા આર્થિક સહાય માટેનું પેકેજ જાહેર કરે, અને જો ગુજરાતના મુખ્યમંત્રી ખેડૂતો માટેનું આર્થિક સહાય પેકેજ દિવાળી પહેલા જાહેર ન કરે તો ઉપવાસ આંદોલન કરવાની ચીમકી અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ ઉચ્ચારી છે.

### જિલ્લા કિસાન સંઘ દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવાયું

## અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિથી મગફળી, કપાસ, સોયાબીન સહિતનાં પાકને વ્યાપક નુકસાન થતાં સહાય કરો

### ખેડૂતોએ લોહી-પાણી એક કરીને તૈયાર કરેલ તમામ પાક નિષ્ફળ




અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારમાં અતિવૃષ્ટિથી કપાસ, મગફળી, સોયાબીન જેવા પાકોને વ્યાપક નુકસાન થતાં કિસાન સંઘ ધ્વારા આજે અમરેલી ખાતે કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવેલ.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અતિવૃષ્ટિનાં કારણે લગભગ તમામ પાકો નિષ્ફળ ગયા હોય તાકીદે સર્વે કરીને યુધ્ધનાં ધોરણે ખેડૂતોને આર્થિક સહાય કરવાની માંગ કરવામાં આવી છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ-૨૦૧૩ (૮-સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અધધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રુપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹999/- ભરીને લઇ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ

₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%
ડોક્યુમેન્ટ્સ • આધાર કાર્ડ • પાન કાર્ડ • બેન્ક પાસબુક • પાસપોર્ટ સાઇઝ ફોટા • ચેક • લાઇટબિલ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Go BIG Go XOOM

LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi

SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

### રશિયા અને ભારતના સંબંધો વધુ મજબૂત થશે : મોદી

# વડાપ્રધાન મોદીએ કઝાનમાં પુતિન સાથે મુલાકાત કરી

**વડાપ્રધાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી અને દ્વિપક્ષીય બેઠક યોજી હતી**

કઝાન, તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૬મી બ્રિક્સ શિખર સમ્મેલન દરમિયાન કઝાનમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી અને દ્વિપક્ષીય બેઠક યોજી હતી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની મુલાકાત દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "હું તમારી મિત્રતા, ઉષ્માભર્યું સ્વાગત અને આતિથ્ય માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. બ્રિક્સ શિખર સમ્મેલન માટે કઝાન જેવા સુંદર શહેરમાં આવવાની તક મળી તે મારા માટે ખૂબ જ આનંદની વાત છે. આ શહેર સાથે ભારતના ઊંડા અને ઐતિહાસિક સંબંધો છે. કઝાનમાં ભારતના નવા દૂતાવાસ શરૂ થવાથી આ સંબંધો વધુ મજબૂત થશે.

પ્રધાનમંત્રી મોદી કહ્યું, "હું છેલ્લા કેટલાક મહિનામાં બીજી વખત રશિયા આવ્યો છું. હું આ વર્ષે જુલાઈમાં મોસ્કોમાં રાષ્ટ્રપતિ પુતિનને મળ્યો હતો. આ બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધોને દર્શાવે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને લઈને હું સતત રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સંપર્કમાં છું. ભારત માને છે કે સંઘર્ષનો ઉકેલ શાંતિપૂર્ણ હોવો જોઈએ. અમે માનવ જાતિને ધ્યાનમાં રાખીને શાંતિ અને સ્થિરતાનું સમર્થન કરીએ છીએ." અમારા તમામ પ્રયાસ માનવતાને પ્રાધાન્ય આપવાનું છે. આવનારા સમયમાં તેના માટે ભારત દરેક સંભવ સહયોગ આપવા માટે તૈયાર છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથેની દ્વિપક્ષીય બેઠક બાદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું, "મને યાદ છે કે અમે જુલાઈમાં મળ્યા હતા. ત્યારે ઘણા મુદ્દાઓ પર ખૂબ સારી ચર્ચા થઈ હતી. આજે પણ અમે ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી. અમે ઘણી વખત ફોન પર વાત કરી. હું ખૂબ જ ખુશ છું. આ માટે તમારો આભારી છું."

### વડાપ્રધાન મોદીને મળ્યા રાષ્ટ્રપતિ પુતિન

# રશિયા-યુક્રેન યુદ્ધનું શાંતિથી સમાધાન આવશે, રશિયામાં વડાપ્રધાન મોદીનું નિવેદન

**કાઝાનમાં BRICS સમિટ ૨૦૨૪માં ભાગ લેવા માટે બે દિવસની મુલાકાતે રશિયા પહોંચ્યા**

નવીદિલ્હી,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૬મં બ્રિક્સ સમિટ ૨૦૨૪માં ૫ર કઝાનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય બેઠક કરી. બેઠક પહેલા રાષ્ટ્રપતિ પુતિને વડાપ્રધાન મોદીને ગળે લગાવીને સ્વાગત કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે (૨૨ ઑક્ટોબર) કાઝાનમાં મ્ફૈંઝ્રજી સમિટ ૨૦૨૪માં ભાગ લેવા માટે બે દિવસની મુલાકાતે રશિયા પહોંચ્યા.

આ દરમિયાન વડાપ્રધાન મોદી બ્રિક્સ સભ્ય દેશોના પોતાના સમકક્ષોની સાથે દ્વિપક્ષીય બેઠક કરી શકે છે. આ સિવાય વડાપ્રધાન મોદી આ સંમેલનમાં પહોંચનારા અન્ય ગેસ્ટને પણ મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૬મં બ્રિક્સ સમિટ ૨૦૨૪માં ૫ર કઝાનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય બેઠક કરી. બેઠક પહેલા રાષ્ટ્રપતિ પુતિને વડાપ્રધાન મોદીને ગળે લગાવીને સ્વાગત કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની દ્વિપક્ષીય બેઠકમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું, 'ઈન્ટરગવર્નમેન્ટલ કમિશનની આગામી બેઠક ૧૨ ડિસેમ્બરે નવી દિલ્હીમાં યોજાવા જઈ રહી છે. અમારા સંયુક્ત પ્રોજેક્ટ્સ સતત પ્રગતિ કરી રહ્યા છે. તમે કઝાનમાં ભારતીય દૂતાવાસ ખોલવાનું નક્કી કર્યું છે. અમે તેનું સ્વાગત કરીએ છીએ. ભારતની નીતિઓથી બન્ને દેશો વચ્ચેની ભાગીદારી અને સંબંધોને ફાયદો થશે. તમને અને તમારા પ્રતિનિધિમંડળને રશિયામાં જોઈને અમે ખૂબ જ ખુશ છીએ.'રશિયન નાગરિકોએ વડાપ્રધાન મોદીનું મંગળવારે કઝાનમાં ભવ્ય સ્વાગત કર્યું. તેમણે કૃષ્ણ ભજન ગાઈને સ્વાગત કર્યું. તેઓ બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે કઝાનની એક હોટલ પહોંચ્યા, જ્યાં રશિયન નાગરિકોએ સાંસ્કૃતિક આપ-લેના એક ભાવપૂર્ણ પ્રદર્શનની સાથે તેમનું સ્વાગત કર્યું. રશિયન નાગરિકોએ વડાપ્રધાન મોદીનું મંગળવારે કઝાનમાં ભવ્ય સ્વાગત કર્યું. તેમણે કૃષ્ણ ભજન ગાઈને સ્વાગત કર્યું. તેઓ બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે કઝાનની એક હોટલ પહોંચ્યા, જ્યાં રશિયન નાગરિકોએ સાંસ્કૃતિક આપ-લેના એક ભાવપૂર્ણ પ્રદર્શનની સાથે તેમનું સ્વાગત કર્યું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે 'X' પર એક પોસ્ટ કરતાં જણાવ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના હેરિટેજ સિટી કઝાન પહોંચી ચૂક્યા છે. તેમના ત્યાં પહોંચવા પર તાતારસ્તાન ગણરાજયના પ્રમુખ રૂસ્તમ મિન્નિખાનોવે ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું.'

### મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો

# ભાજપની પ્રથમ યાદીને લઈને મહાવિકાસ આઘાડીની ખેંચતાણ વધુ વધી

**આ અંગે તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ કરી લીધી છે**

મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં તમામ રાજકીય પક્ષોના નેતાઓ પોતાની તાકાત બતાવવામાં વ્યસ્ત છે. મહારાષ્ટ્રમાં એક મહિના પછી વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ અંગે તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ કરી લીધી છે. જો કે, રાજ્યમાં બેઠકોની વહેંચણીને લઈને મહા વિકાસ અઘાડી (MVA)માં વસ્તુઓ સારી રીતે ચાલી રહી નથી. આ દરમિયાન ભાજપની પ્રથમ યાદીને લઈને મહાવિકાસ આઘાડીની ખેંચતાણ વધુ વધી ગઈ છે. હકીકતમાં, એકનાથ શિંદેની આગેવાનીવાળી શિવસેનાનો દાવો છે કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના અને કોંગ્રેસ વચ્ચે જોરદાર લડાઈ ચાલી રહી છે. જોકે, શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે આ વાતનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. આ અણબનાવ વચ્ચે આજે મહાવિકાસ અઘાડીની સંયુક્ત પત્રકાર પરિષદ યોજાવાની છે.સંજય રાઉતે કહ્યું કે કોંગ્રેસના કારણે વિલંબ નથી થયો. કોંગ્રેસ હાઈકમાન્ડ દિલ્હીમાં છે. તેમના નિર્ણયો દિલ્હીમાં લેવામાં આવે છે. ભાજપના નેતાઓ અને શિંદે જૂથના નેતાઓ પણ દિલ્હીમાં છે. આથી દિલ્હીમાં હાઈકમાન્ડ જેમની પાસે છે તેઓએ વારંવાર ત્યાં જવું પડે છે. અમે તેના વિશે શું કહી શકીએ, પરંતુ મને લાગે છે કે બહુ મતભેદ નહીં હોય અને અમે સાથે બેસીને નિર્ણય લઈશું. આજે સાંજ સુધીમાં મામલો ફાઈનલ થઈ જશે.

આ સાથે સંજય રાઉતે કહ્યું કે અમે વર્ષોથી રાજકારણમાં છીએ. દરેક પક્ષને લાગે છે કે તેના કાર્યકરોને ઉમેદવાર બનાવવા જોઈએ, પરંતુ તે ગઠબંધન છે. દરેક વ્યક્તિએ અમુક બલિદાન આપવા પડે છે. શું કોંગ્રેસ મહાવિકાસ આઘાડીના અન્ય સહયોગીઓને કેટલીક બેઠકો આપવા તૈયાર છે? આ જવાબ પર રાઉતે કહ્યું, 'અહીં બલિદાનનો સવાલ જ નથી. આ રાષ્ટ્રીય હિત અને મહારાષ્ટ્રના હિતની વાત છે. અમે ખરેખર મોટું દિલ બતાવ્યું છે, કારણ કે અમારે બંધારણના દુશ્મનોને હરાવવા હતા. આજે આપણે મહારાષ્ટ્રમાં ભ્રષ્ટ સરકારને સત્તા પરથી હટાવવાની છે.

### વક્ફ બિલ પર JPC ની બેઠકમાં ભારે હંગામો

# સંસદની વક્ફ બિલ પર થયેલી JPC ની બેઠકમાં ગરમાગરમી થઈ

**પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ ટીએમસી સાંસદ કલ્યાણ બેનરજી અને ભાજપના સાંસદ અભિજીત ગંગોપાધ્યાય વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ**

નવીદિલ્હી,તા.૨૨

સંસદની વકફ બિલ પર મંગળવારે થયેલી JPC ની બેઠકમાં ગરમાગરમી થઈ ગઈ. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ ટીએમસી સાંસદ કલ્યાણ બેનરજી અને ભાજપના સાંસદ અભિજીત ગંગોપાધ્યાય વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ. આ દરમિયાન કલ્યાણ બેનરજીએ ત્યાં મૂકેલી કાંચની પાણીની બોટલ ટેબલ પર મારી જેના કારણે તેઓ ઈજાગ્રસ્ત થયા. કલ્યાણ બેનરજીને ત્યારબાદ સારવાર માટે લઈ જવાયા. તેમને અંગૂઠા અને એક આંગળી પર ઈજા થઈ છે. તેમને ચાર ટાંકા આવ્યા છે. આ ધમાચકડીના કારણે બેઠક થોડીવાર રોકવામાં આવી. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે કલ્યાણ બેનરજીએ અચાનક બોટલ ઉઠાવી અને મેજ પર ફોડી. જેના કારણે તેઓ પોતે જ ઈજાગ્રસ્ત થઈ ગયા. આ બેઠક સંસદ પરિસરમાં યોજાઈ હતી. સૂત્રોના જણાવ્યાં મુજબ આ બેઠકમાં અનેક રિટાયર્ડ જજ, વરિષ્ઠ વકીલો, અને બુદ્ધિજીવીઓ હાજર હતા. આ બધા વચ્ચે અચાનક કલ્યાણ બેનરજી ઊભા થઈને બોલવા લાગ્યા. તેઓ આ પહેલા પણ બેઠકમાં અનેકવાર બોલી ચૂક્યા હતા. પરંતુ આ વખતે જ્યારે તેઓ વચ્ચે બોલ્યા તો અભિજીત ગંગોપાધ્યાયે આપત્તિ જતાવી. તેમની આપત્તિ બાદ કલ્યાણ બેનરજીએ તેમના વિરુદ્ધ આપત્તિજનક શબ્દોનો ઉપયોગ કર્યો. આ બધા વચ્ચે બંનેએ એકબીજા વિરુદ્ધ અભદ્ર શબ્દોનો ઉપયોગ કર્યો અને ગુસ્સામાં કલ્યાણ બેનરજીએ કાંચની બોટલ ઉઠાવીને મેજ પર પટકી. જેના કારણે તેઓ ઈજાગ્રસ્ત થયાઆ ઘટના બાદ જેપીસીમાં સામેલ સત્તાધારી પક્ષના સભ્યો વિફર્યા અને તેમણે કલ્યાણ બેનરજીને કમિટીમાંથી સસ્પેન્ડ કરવાની માંગણી કરી. બાકી વિપક્ષી સભ્યોએ કહ્યું કે જેપીસી પાસે સસ્પેન્ડ કરવાનો હક નથી. વિપક્ષી સભ્યોએ જેપીસીમાં કહ્યું કે અભિજીત બેનરજી અને કલ્યાણ બેનરજી બંનેએ બંગાળી ભાષામાં એકબીજા પર આરોપ અને અન્ય વાતો કરી આથી પહેલા તેને રેકોર્ડમાં લાવીને બધા સભ્યોને ઈંગ્લિશ કે હિન્દીમાં જણાવવામાં આવે, ત્યારબાદ કોઈ કાર્યવાહી થાય. પરંતુ સત્તા પક્ષના સભ્યોએ કહ્યું કે એ બધી પછીની વાત છે પહેલા કલ્યાણ બેનરજીને સસ્પેન્ડ કરવામાં આવે. ત્યારબાદ જેપીસી અધ્યક્ષ જગદંબિકા પાલે કલ્યાણ બેનરજીને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી.

વકફ બિલ પર જેપીસીની બેઠકમાં હંગામો થતો રહે છે. ગત અઠવાડિયે પણ ભારે હંગામો થયો હતો. ત્યારબાદ વિપક્ષી સાંસદોએ વોકઆઉટ કર્યું હતું. મળતી માહિતી મુજબ વિપક્ષી સાંસદોએ ભાજપના સાંસદો પર તેમના વિરુદ્ધ આપત્તિજનક ભાષાના ઉપયોગનો આરોપ લગાવ્યો હતો. તેમનો આરોપ છે કે આ દરમિયાન સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલે પણ ભાજપના સાંસદો વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરી નહીં. જ્યારે ભાજપના સાંસદોએ આરોપ લગાવ્યો કે અભદ્ર ભાષાનો ઉપયોગ વિપક્ષી સાંસદો તરફથી કરાયો હતો.

### ચીન પર વિશ્વાસ કરવામાં હજુ સમય લાગશે : ભારતીય સેના પ્રમુખ

# LAC પર સમાધાનની વાત ઉપર ચીને લગાવી મહોર

**ચીને કહ્યું કે, તે પૂર્વી લદ્દાખમાં બે સેનાઓ વચ્ચે ચાલી રહેલાં સંઘર્ષને ખતમ કરવા માટે ભારત સાથે એક સમાધાન પર પહોંચ્યું છે**

નવી દિલ્હી, તા.૨૨

વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ભારત અને ચીન વચ્ચે ૨૦૨૦થી ચાલી રહેલાં વિવાદને ખતમ કરવા માટે સોમવારે (૨૧ ઓક્ટોબર) બંને દેશ વચ્ચે સંમતિ બની ગઈ છે. ભારતના એલાન બાદ મંગળવારે ચીને આ સમાધાનની વાત પર મહોર લગાવી છે.

ચીને કહ્યું કે, તે પૂર્વી લદ્દાખમાં બે સેનાઓ વચ્ચે ચાલી રહેલાં સંઘર્ષને ખતમ કરવા માટે ભારત સાથે એક સમાધાન પર પહોંચ્યું છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને એક મીડિયા બ્રીફિંગમાં કહ્યું, હાલ ચીન અને ભારત, સીમા સાથે સંબંધિત મુદ્દા પર વ્યૂહનીતિ માધ્યમથી સંપર્કમાં છીએ. હવે બંને પક્ષ પ્રાસંગિક મામલે એક સમાધાન પર પહોંચી ગયા છે, જેની ચીન પ્રશંસા કરે છે.ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મંગળવારે સીમા પર પેટ્રોલિંગ કરાર બાદ કહ્યું કે, ચીન પર વિશ્વાસ કરવામાં હજુ સમય લાગશે. વાસ્તવિક નિયંત્રિણ રેખા પર વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો એક લાંબી પ્રક્રિયા હશે, જેનાથી એપ્રિલ ૨૦૨૦ની સ્થિતિ પર પહોંચી શકાય. આ પ્રક્રિયા તબક્કાવાર થશે. જેમાં દરેક તબક્કાનો ઉદ્દેશ્ય તણાવ ઓછો કરવો હશે.'

LAC પર બનાવવામાં આવેલા બફર ઝોનનો ઉલ્લેખ કરતાં જનરલ દ્વિવેદીએ આ વાત પર ભાર મૂક્યો કે, આપસી સમજ દ્વારા બંને દેશો વચ્ચે વિશ્વાસ ફરીથી કાયમ કરી શકાશે. અમે વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ કેવી રીતે થશે? વિશ્વાસ ત્યારે જ પુનઃસ્થાપિત થઈ શકશે જ્યારે એક-બીજાને મનાવી શકીશું અને એક-બીજાને વિશ્વાસ અપાવવો પડશે કે, અમે બનાવવામાં આવેલા બફર ઝોનમાં ઘુસણખોરી નથી કરી રહ્યાં.આ પહેલાં વિદેશ મંત્રાલયે સોમવારે (૨૧ ઓક્ટોબર) જાહેરાત કરી હતી કે, ભારત-ચીન સીમા ક્ષેત્રમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર પેટ્રોલિંગ વ્યવસ્થાના સંબંધમાં એક કરાર કરવામાં આવ્યો છે. આ જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રશિયાના કઝાન યાત્રા પહેલાં કરવામાં આવી છે. વડાપ્રધાન મોદી ૨૨ ઓક્ટોબરથી ૨૪ ઓક્ટોબર સુધી યોજાયેલા બ્રિક્સ શિખર સંમેલનમાં જઈ રહ્યાં છે, જેનો ચીન પણ ભાગ છે.નોંધનીય છે કે, જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલી અથડામણ બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી હતી. સોમવારે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ મીડિયાને સંબોધિત કરતા કહ્યું કે, આ કરાર છેલ્લાં ઘણાં અઠવાડિયાથી રાજકીય અને સૈન્ય બંને સ્તર પર ચીન સાથે વ્યાપક ચર્ચાનું પરિણામ છે. જૂન ૨૦૨૦માં થયેલી હિંસક અથડામણમાં બંને પક્ષને નુકસાન પહોંચ્યું હતું. આ કરાર ભારત અને ચીનના સંબંધોને સ્થિર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે, કારણકે બંને દેશ સીમા વિવાદને ખતમ કરવા ઈચ્છે છે.'

### આંદોલન કરશે ગુજરાત કોંગ્રેસના નેતાઓ

# લીલો દુકાળ જાહેર કરી ૧૦ હજાર કરોડનું પેકેજ આપે સરકાર : કોંગ્રેસ

**કોંગ્રેસ નેતા લલિત કગથરાએ જણાવ્યું હતું કે, વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે અને હાલમાં ખેડૂતોની હાલત ખૂબ ખરાબ છે**

અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં હાલ છેલ્લા કેટલાક દિવસથી ઘણાં વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેના કારણે જગતના તાતને મોટુ નુકસાન વેઠવું પડી રહ્યું છે. ખેડૂતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ ગયો છે. રાજ્યના ખેડૂતોના પાક વિમાના પ્રશ્નને લઈને હવે કોંગ્રેસના નેતાઓ પણ ખેડૂતોની પડખે આવ્યા છે. કોંગ્રેસના નેતાઓએ માંગ કરી છે કે, લીલો દુકાળ જાહેર કરીને ૧૦ હજાર કરોડ રૂપિયાનું પેકેજ ખેડૂતો માટે જાહેર કરવામાં આવે.

ખેડૂતોના પાકને થયેલા નુકસાન અંગે કોંગ્રેસ નેતા લલિત કગથરાએ જણાવ્યું હતું કે, 'વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે અને હાલમાં ખેડૂતોની હાલત ખૂબ જ ખરાબ છે. સરકાર દ્વારા ખેડૂતોને સહાય આપવાની કોઈ જાહેરાત કરાઈ નથી. તેથી સરકારે લીલો દુકાળ જાહેર કરને ખેડૂતો માટે ૧૦ હજાર કરોડ રૂપિયાની સહાય જાહેર કરવી જોઈએ, જો ખેડૂતો માટે સહાયની જાહેરાત નહીં થાય તો કોંગ્રેસ રસ્તા પર ઉતરશે. ૨૮મી ઓક્ટોબરથી સમગ્ર રાજયમાં આંદોલનની શરૂઆત કરાશે.' બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યુ હતું કે રાજ્ય-કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને માત્ર સહાયની વાતો કરવામાં આવે છે. ભાજપ સરકારમાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોના આપઘાતની ઘટનામાં ૧૧ ટકાનો વધારો થયો છે. સરકાર સરવેના નામે માત્ર નાટક કરી રહી છે. ઉદ્યોગપતિઓનું દેવું માફ કરવામાં આવે છે પરંતુ ખેડૂતોને કંઈ મળતું નથી.'

ઉલ્લેખનીય છે કે, રાજ્યના વિવિધ ભાગોમાં પડેલા વરસાદના કારણે કપાસ, મગફળી, સોયાબીન, મરચા, ડુંગળી સહિતનાં તૈયાર પાકને વ્યાપક નુકસાન થયું છે. જેને લઈને પીડિત ખેડૂતોને વહેલી તકે યોગ્ય સહાય વળતર ચૂકવવા માંગ ઊઠી છે.

કેન્દ્ર સરકારના ૨૦૧૬ના મેન્યુઅલ પ્રમાણે કુદરતી આપત્તિમાં રાજ્યોને પુરતી સહાય આપવી જોઈએ. આ વખતે રાજ્યમાં ૧૪૦ ટકા વરસાદ થયો છે અને ૧૪ જિલ્લામાં ખેતીના પાકો નષ્ટ થઈ ગયા છે. જે પાક બચ્યાં છે તેમાં ગુણવત્તાનો અભાવ જોવા મળે છે એટલે કે પ્રોડક્ટિવિટી ઘટી ગઈ છે, પરિણામે ઉત્પાદન પણ ઓછું થવાનો ભય છે.

### લોકોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે

# મહારાષ્ટ્રમાં ભૂકંપના કારણે ધરતી ધ્રૂજી, લોકોમાં ભયનો માહોલ

**ધરતીકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૫ કિલોમીટરની ઊંડાઈએ ૧૯.૩૮ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૭.૪૬ ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું**

મુંબઈ, તા.૨૨

દેશમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો છે. અચાનક ધરતી ધ્રૂજવા લાગી અને લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં ભૂકંપના કારણે લોકો ગભરાટમાં છે. જોકે કોઈ નુકસાનના સમાચાર નથી, પરંતુ લોકોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. આજે સવારે મહારાષ્ટ્રમાં ભૂકંપ ના આંચકાથી લોકો ભયભીત થઈ ગયા હતા. ૭ વાગે અચાનક ધરતી ધ્રૂજવા લાગી, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ. નાંદેડ જિલ્લાના હદગાંવ શહેરના સાવરગાંવ ગામમાં ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ માપવામાં આવી હતી. ધરતીકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૫ કિલોમીટરની ઊંડાઈએ ૧૯.૩૮ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૭.૪૬ ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું. જો કે હજુ સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી, પરંતુ લોકોમાં ભયનો માહોલ છે. છેલ્લા કેટલાક દિવસોથી પૃથ્વી પર ચાલી રહેલી હિલચાલને જોતા લોકોને પહેલાથી જ એલર્ટ રહેવાની સલાહ આપવામાં આવી હતી. અહેવાલો અનુસાર સોમવારે મધ્યપ્રદેશના સિવની જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રવિવારે મોડી રાત્રે અચાનક ધરતી ધ્રુજારીને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૬ માપવામાં આવી હતી, પરંતુ તેના આંચકા એટલા જોરદાર હતા કે લોકો ઘરની બહાર નીકળી આવ્યા હતા. આ ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૫ કિલોમીટરની ઊંડાઈએ હતું. જોકે ભૂકંપને કારણે કોઈ નુકસાન થયું ન હતું, પરંતુ સિઓની આસપાસના વિસ્તારોમાં લોકોએ ઘણાં કલાકો ઘરની બહાર વિતાવ્યા હતા. સ્થાનિક પ્રશાસને લોકોને સુરક્ષિત રહેવાની સલાહ આપી છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહી છે.

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ભાજપ ૧૫૬ બેઠક પર લડશે

**રાજ્યમાં ભાજપ, શિવસેના અને NCP ગઠબંધનની સરકાર છે ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે સૌથી વધુ ૧૦૫ બેઠકો જીતી હતી**

મહારાષ્ટ્ર,તા.૨૨

મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા બેઠકો છે. રાજ્યમાં ભાજપ, શિવસેના અને NCP ગઠબંધનની સરકાર છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે સૌથી વધુ ૧૦૫ બેઠકો જીતી હતી. આ વખતે મહાયુતિ પૂરી તાકાત સાથે મેદાને ઉતરવા જઈ રહી છે, ત્યારે બેઠક વહેંચણીને લઈને અંતિમ ચરણે વાતચીત થઈ રહી છે. વર્તમાનમાં ભાજપના ૧૦૩ ધારાસભ્ય છે. જ્યારે શિવસેનાના એકનાથ શિંદે પાસે ૪૦ ધારાસભ્ય અને NCPના અજીત પવાર પાસે ૪૩ ધારાસભ્ય છે. તેવામાં ભાજપ રાજ્યની સૌથી મોટી પાર્ટી છે

મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠકો માટે ૨૦ નવેમ્બરે મતદાન થશે, જેના ૨૩ નવેમ્બરે પરિણામ જાહેર થશે. ગત ચૂંટણીમાં ભાજપને ૧૦૫, શિવસેનાને ૫૬, NCPને ૫૪ અને કોંગ્રેસને ૪૪ બેઠકો મળી હતી. જો કે, ચૂંટણી બાદ શિવસેના એનડીએથી અલગ થઈ ગઈ અને એનસીપી-કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી. શિવસેનાના ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી બન્યા. જૂન ૨૦૨૨માં શિવસેનામાં આંતરિક વિખવાદ થયો હતો. આ પછી એકનાથ શિંદેએ પાર્ટીના ૪૦ ધારાસભ્યોને બરતરફ કર્યા. એકનાથ શિંદે ભાજપના સમર્થનથી મુખ્યમંત્રી બન્યા. હવે શિવસેના બે જૂથોમાં વહેંચાઈ ગઈ છે. બીજી તરફ, શરદ પવારની NCP પણ શરદ પવાર અને અજિત પવાર એમ બે જૂથોમાં વહેંચાઈ ગઈ છે.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા ગઠબંધનનું ગણિત સેટ થઈ રહ્યું છે, ત્યારે મહાયુતિ અને NCPમાં બેઠક વહેંચણીને વાતચીત થઈ રહી છે. ભાજપે ૯૯ વિધાનસભા બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જ્યારે વિપક્ષી મહાવિકાસ અઘાડી પાર્ટી બેઠક વહેંચણીને લઈને હજુ પણ મૂંઝવણમાં જોવા મળી રહી છે. બંને ગઠબંધન વચ્ચે ચાલી રહેલા પ્રયાસો વચ્ચે હવે ત્રીજું ગઠબંધન રાજ્યના ચૂંટણી જંગમાં ઉતર્યું છે.

ભાજપના રાજ્યસભા સાંસદ સંભાજી રાજે છત્રપતિના નેતૃત્વમાં આ નવા ગઠબંધનમાં રાજુ શેટ્ટીની પાર્ટી સ્વાભિમાની શેતકરી પક્ષ અને બચ્ચુ કુડુની આગેવાની હેઠળની પ્રહાર જનશક્તિ પાર્ટી પણ સામેલ છે. છત્રપતિ શિવાજી મહારાજના વંશજ સંભાજીએ મરાઠા આરક્ષણ આંદોલનના નેતા મનોજ જરાંગે પાટિલ અને વંચિત બહુજન અઘાડી (વીબીએ)ના પ્રકાશ આંબેડકરને પણ આ ત્રીજા જોડાણમાં જોડાવા આમંત્રણ આપ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે, બે શિવસેના અને બે એનસીપી છે. આ બંને પક્ષોમાંથી એક-એક જૂથ સત્તામાં છે અને એક-એક જૂથ વિપક્ષમાં છે. આનાથી લોકો મૂંઝવણમાં છે. મહારાષ્ટ્રના લોકો પરિવર્તન માટે આતુર છે. પરિવર્તન મહાસત્તાની રચનાએ મહાયુતિ અને એમવીએ બંને ગઠબંધનની મુશ્કેલીઓ વધારી દીધી છે. જો મનોજ જરાંગે પાટીલ પણ આ ગઠબંધનને સમર્થન આપે છે અને પ્રકાશ આંબેડકરની પાર્ટી તેમાં જોડાય છે, તો તે વિપક્ષ એમવીએ માટે મુશ્કેલી બની શકે છે. તાજેતરના લોકસભા ચૂંટણીના પરિણામો પર નજર કરીએ તો, મરાઠવાડા ક્ષેત્રની ૪૬ વિધાનસભા બેઠકોમાંથી, એમવીએ પક્ષોના ઉમેદવારો ૩૧ બેઠકો પર આગળ હતા. જ્યારે ખેડૂત નેતા રાજુ શેટ્ટીનો પ્રભાવ પશ્ચિમ મહારાષ્ટ્રમાં વધુ છે.

પશ્ચિમ મહારાષ્ટ્રની વાત કરીએ તો, તાજેતરની લોકસભા ચૂંટણીમાં એમવીએ અને મહાયુતિ એમ બંને ગઠબંધન વચ્ચે મજબૂત લડાઈ જોવા મળી હતી. પશ્ચિમ મહારાષ્ટ્રમાં ૭૦ વિધાનસભા બેઠકો છે અને આમાંથી ૩૫ બેઠકો પર એમવીએ ઉમેદવારો આગળ હતા. જ્યારે મહાયુતિના ઉમેદવારો પણ ૩૦ બેઠકો પર લીડ મેળવવામાં સફળ રહ્યા હતા. વિદર્ભ ક્ષેત્રની બેઠકો પર કોંગ્રેસ અને ભાજપ વચ્ચેની લડાઈ નિર્ણાયક માનવામાં આવે છે, પરંતુ પરિવર્તન મહાશક્તિના પ્રવેશને કારણે, સરકારથી નારાજ છે અને સીધા મતોની અપેક્ષા રાખી રહેલી એમવીએનું ટેન્શન વધી ગયું છે.

### ૧૩ નવેમ્બરે પ્રથમ તબક્કાનું મતદાન

# કોંગ્રેસે ૨૧ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી

**૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી ઝારખંડમાં કુલ ૨.૬ કરોડ મતદારો છે જેમાં ૧.૨૯ કરોડ મહિલા અને ૧.૩૧ કરોડ પુરૂષ મતદારો છે**

રાંચી, તા.૨૨

કોંગ્રેસે ઝારખંડમાં ૨૧ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જામતારાથી ઈરફાન અંસારીને અને રામગઢથી મમતા દેવીને ટિકિટ આપવામાં આવી છે. હજારીબાગથી મુન્ના સિંહ, જમશેદપુર પૂર્વથી ડૉ. અજય કુમાર, હટિયાથી અજય નાથ સહદેવ, સિમડેગાથી ભૂષણ બારાને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ઝારખંડ વિધાનસભાની ૮૧ બેઠકો માટે ચૂંટણી યોજાશે. ST અને ૦૯ SC માટે ૪૪ બિનઅનામત, ૨૮ અનામત બેઠકો છે. ચૂંટણી પંચના ડેટા અનુસાર, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી ઝારખંડમાં કુલ ૨.૬ કરોડ મતદારો છે. જેમાં ૧.૨૯ કરોડ મહિલા અને ૧.૩૧ કરોડ પુરૂષ મતદારો છે.

પ્રથમ તબક્કાનું મતદાન ૧૩ નવેમ્બરે થવાનું છે. નોમિનેશન પ્રક્રિયા ૨૫ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે. સ્લિપની ચકાસણી ૨૮ ઓક્ટોબરે થશે. ઉમેદવારો ૩૦ ઓક્ટોબર સુધી તેમના નામ પાછા ખેંચી શકશે. બીજા તબક્કાનું મતદાન ૨૦ નવેમ્બરે થશે. આ માટે ૩૦ ઓક્ટોબરે પ્રિસ્ક્રિપ્શનની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારો ૧ નવેમ્બર સુધી તેમના નામ પાછા ખેંચી શકશે. મતગણતરી ૨૩ નવેમ્બરે થશે પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ (CEO) એ ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે સંભવિત ઉમેદવારોના નામ પર ચર્ચા કરી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, કેસી વેણુગોપાલ, રાજ્ય પ્રભારી ગુલામ અહેમદ મીર, કેશવ મહતો અને ઝારખંડના વરિષ્ઠ નેતાઓએ બેઠકમાં હાજરી આપી હતી.NDAના મુખ્ય ઘટક ભારતીય જનતા પાર્ટી (BJP) એ ૬૬ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી. શાસક 'ભારત' ગઠબંધનના ઘટક પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી અંગેની મડાગાંઠને કારણે ઉમેદવારોના નામ પાછળથી નક્કી કરવામાં આવ્યા હતા.

# વિમાનમાં બોંબની અફવા ફેલાવનારને આજીવન કારાવાસની સજાની વિચારણા

નવી દિલ્હી, તા.૨૨

દેશમાં સમયાંતરે વિમાનમાં બોંબ હોવાની ધમકી મળતી રહે છે. આ પ્રકારની ધમકીને કારણે એરપોર્ટ ઓથોરિટીને ખૂબ પરેશાનીનો સામનો કરવો પડે છે. અનેક વાર ફ્લાઈટ્સની ઈમરજન્સી લેન્ડિંગ કરાવીને ચેકિંગ થાય છે, તો ક્યારેક ફ્લાઈટ્સના ટેકઓફ પહેલા જ કલાકો સુધી તપાસ થાય છે. હવે બોંબની ધમકી જેવા મામલામાં કેન્દ્ર સરકારે આકરુ વલણ અપનાવ્યું છે. સોમવારે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું કે અફવા ફેલાવતા લોકો સામે આકરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરાઈ રહી છે. આ પ્રકારના મામલાને નોંધપાત્ર ગુનો ગણવામાં આવે. આ ઉપરાંત, આ પ્રકારની ધમકી આપનારને નો-ફ્લાય લિસ્ટમાં મુકવામાં આવે, એટલે કે તેમના પર ઉડાણ ભરવા પર હંમેશા પ્રતિબંધ મુકવામાં આવે.આ સાથે કેન્દ્રીય નાગરિક ઉડ્ડનય મંત્રીએ એમ પણ કહ્યું કે, એક કાયદો બનાવવો જોઈએ, જેમાં અફવા ફેલાવતા લોકોને આજીવન કેદની સજા જોગવાઈ કરવામાં આવે. કેમ કે આ પ્રકારના બોગસ કોલથી ગંભીર સ્થિતિ પેદા થાય છે. સમગ્ર વહીવટીતંત્ર પરેશાન થાય છે અને યાત્રીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેમણે ઉમેર્યુ કે, છેલ્લા એક સપ્તાહની અંદર જ આવા ૧૦૦ કોલ આવ્યા છે, જેનાથી પરેશાન પેદા થાય છે. જ્યારે આપણે બોગસ કોલની વાત કરીએ છીએ, તો આપણે આંતરરાષ્ટ્રીય માપદંડોનું પાલન કરવું જોઈએ. એટલા માટે કોઈ પણ ધમકીની સંપૂર્ણ તપાસ કરવી પડે છે. એમાં સમય લાગે છે અને સંપૂર્ણ પ્રોટોકોલને અનુસરવું પડે છે. ઉડ્ડયન મંત્રી એમ પણ કહ્યું કે અમે સિક્યોરિટી કેમેરાઓની સંખ્યા પણ વધારી છે.

# અમરેલી ખાતે રોટરી કલબ, વેપારી મંડળ દ્વારા રાહતદરે ફટાકડાનુ વિતરણ શરૂ



રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર, વેપારી મહામંડળ અમરેલી તેમજ રોટરેક્ટ ક્લબ ઓફ અમરેલી ગીર દ્વારા અમરેલી જિલ્લાની જનતા માટે રાહત દરે ફટાકડા વેચાણ માટે ફટાકડા મેગા મોલ નું ઉદઘાટન પીપળેશ્વર મહાદેવના મહંત પૂ. જયકિશનદાસ બાપુ તેમજ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ તરવડા થી પૂજય સંતો ના વરદ હસ્તે આજરોજ તા.૨૨.૧૦.૨૦૨૪ ને મંગળવારના રોજ મ્યુનિસિપલ ગર્લ્સ સ્કૂલ સામે નગરપાલિકા પ્લેસ પાર્કિંગ ખાતે કરવામાં આવેલ તેમજ પૂજય સંતો તેમજ પુ. જયકિશનદાસબાપુ દ્વારા આશીર્વાદ પાઠવવામાં આવેલ ફટાકડાં મોલ માંથી થનારી આવકના ૨૫% રકમ મુક બધિર શાળા અમરેલી ને અર્પણ કરવામાં આવશે તેમજ વિવિધ સમાજ ઉપયોગી સેવાકીય પ્રવૃત્તિમાં વાપરવામાં આવશે તેવું સંસ્થાના હોદેદારો દ્વારા જણાવવામાં આવેલ છે

### લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા

## ધારીનાં ખેતલીયાદાદા મંદિર ખાતે વિનામુલ્યે પાંચમો નેત્રયજ્ઞ યોજાયો

### વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા સહયોગ થયો



અમરેલી, તા. ૨૨

લાયન્સ કલબઝ ઈન્ટરનેશનલની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ અંતર્ગત અંધત્વ નિવારણ દૂર કરવાના હેતુસર લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને ધારી તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી સહયોગથી પાંચમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ખેતલીયા દાદા મંદિર ધારી મુકામે તા.૨૨-૧૦-૨૦૨૪ ને મંગળવાર સવારે ૯-૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આંખના રોગ જેવા કે મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, પડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાત ડા. પલકબેન મોદી અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૫૦ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૧૪ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યક્તિઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ૧૧ વ્યક્તિઓને ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) તરફથી પૂર્વ પ્રમુખ લાયન પ્રા. એમ.એમ. પટેલ, સેક્રેટરી લાયન ભદ્રેશસિંહ પરમાર, ટ્રેઝરર લાયન સાહસ ઉપાધ્યાય અને ખેતલીયા દાદા મંદિરના જીગ્નેશભાઈ શેઠ તેમજ ધારી તાલુકા વિશ્વ હિન્દુ પરિષદના શિવરાજભાઈ વાળા અને મુન્નાભાઈ ભાદરવા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કિર્તીભાઈ ભટ્ટ અને નિલેશભાઈ ભીલની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન્સ ક્લબ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણીની યાદી જણાવે છે.

## સાવરકુંડલા : યુથ રેડ ક્રોસ ક્લબની રચના અને સીપીઆરની તાલીમનો પ્રોગ્રામ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલાની વી.ડી. કાણકીયા આર્ટ્સ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજમાં દર વર્ષે 'યુથ રેડ ક્રોસ ક્લબ' અને સીપીઆરની તાલીમનું આયોજન કરવામાં આવે છે. જેના અનુસંધાને કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે આ તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ રેડ ક્રોસ સોસાયટી, સાવરકુંડલાના નેજા હેઠળ યોજવામાં આવે છે. રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર વિશે માર્ગદર્શન કરવામાં આવ્યું અને વિડીયો અને પ્રેક્ટીકલ પ્રયોગ દ્વારા રીકવરી પોઝીશન તથા સીપીઆરની તાલીમ આપવામાં આવી. કોઈ ક્રીટીકલ પરિસ્થિતિમાં ફસાયેલા વ્યક્તિનો જીવ બચાવવા માટેની પ્રક્રિયાની સમજણ આપવામાં આવી. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ રવિયા સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ પ્રેરણાદાયી માર્ગદર્શન કરવામાં આવ્યું અને યુથ રેડ ક્રોસ ક્લબને પ્રેકટીકલ પ્રવૃત્તિઓમાં જોડવામાં આવશે તેવી ખાત્રી આપી હતી. આખાય કાર્યક્રમનું સંચાલન યુથ રેડ ક્રોસ ક્લબના કો-ઓર્ડીનેટર તથા કોમર્સ વિભાગના અધ્યાપક ડો. હરેશ દેસરાણી દ્વારા કરવામાં આવ્યું.

## ચલાલામાં 'શિવસાંઇ રાહત દરે ભોજનાલય' પુજય મહાવીર બાપુના વરદ હસ્તે ખુલ્લુ મુકાયુ



સાવરકુંડલા, તા. ૨૨

અંશાઅવતાર દાન મહારાજની પાવન ભુમી એવા દાનેવધામ ચલાલામા શ્રી મોગલમા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત 'શિવસાંઇ રાહત દરે ભોજનાલય' શ્રી દાન મહારાજની જગ્યાના લઘુમંહત પુજય મહાવીરબાપુના વરદહસ્તે સંતો મંહતો અને મહાનુભવોની વિશેષ ઉપસ્થિતીમાં ધાર્મિક વાતાવરણમાં ખુલ્લુ મુકી દિપ પ્રાગટ્ય કરાયુ હતુ.

ચલાલા પંથકના સીનિયર સીટીઝન, નાના ધંધાર્થી, મજુરીકામ કરતા ભાઇઓ શારીરીક અશક્ત, વૃધ્ધો એકલ દોકલ રહેતા પરીવારો, વેપાર માટે બહાર થી આવતા સેલ્સમેનો સહીતનાઓને એકદમ રાહતભાવે માત્ર રૂપીયા ૫૦ મા શુધ્ધ સાત્વિક ભરપેટ અનલિમિટેડ ફુલડીસ, સાંઇનાથ ભગવાનનો ભોજન પ્રસાદ સરળતાથી સુવિધા યુક્ત બિલ્ડીંગમાં મળી રહે તે માટે શ્રી મોગલમા માનવ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી રાજેશભાઇ જાની, અને બ્રહ્મસમાજના પ્રમુખ લલીતભાઇ મહેતાની આગેવાની અને તેના માર્ગદર્શન નીચે શિવસાંઇ રાહત દરે ભોજનાલય આજથી ચાલુ કરવામા આવેલ છે શારીરીક અશક્ત અને દુર રહેતા સીનિયર સીટીઝનો માટે ઘર બેઠા કાયમ ટીફીન પહોચાંડવાની વ્યવસ્થા પણ આ સંસ્થા દ્વારા કરવામા આવેલ છે આ કાર્યક્રમમાં પુજય મહાવીર બાપુ, ભીમનાથ મહાદેવ મંદિરના મંહત પુજય શ્રી મયુરબાપુ, જાણીતા કથાકાર શાસ્ત્રી ખોડીદાસભાઇ મહેતા, આ સંસ્થાના સહયોગી અને જાણીતા કોન્ટ્રાક્ટર હરેશભાઇ કાથરોટીયા, ચલાલાના સેવાભાવી રત્ન અશોકભાઈ જોષી, પટેલ વાડીના પ્રમુખ ધનશ્યામભાઈ કાકડીયા, રામાનંદી સાધુસમાજના પ્રમુખ બાલાબાપુ દેવમુરારી, ભૈયલુભાઈ વાળા, પ્રકાશભાઈ કારીયા, ચીમનભાઈ વિઠલાણી, પુર્વસદસ્ય અશોકભાઈ કાકડીયા, ચાપરાજભાઈ ધાધલ, અરવિંદભાઈ ઉપાધ્યાય, અશોકભાઈ તલાટીયા, વરીષ્ઠ પત્રકાર પ્રતાપભાઈ વાળા, બીપીનભાઈ રાઠોડ, સંજયભાઈ કારીયા, મહીલા આગેવાન રેખાબહેન ગોસ્વામી સેંજલબહેન ભટ્ટ સહીતના મહાનુભવો ઉપસ્થિત રહી યથા શકિત મુજબ આર્થીક યોગદાન આપ્યુ હતું અને સંસ્થાની નિસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી ઉપસ્થિત સંતો મંહતો અને મહાનુભવો ને અને સંસ્થાના સેવક મિતેશભાઈ ભટ્ટને સંસ્થા દ્વારા શાલ અને પુષપગુચ્છથી માનભેર સન્માનિત કરાયા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય સંચાલક રાજેશભાઈ જાની, લલીતભાઈ મહેતા, જે.ડી. ડોબરીયા, ભુપતભાઈ બારોટ, મિતેશભાઈ ભટ્ટ, દિપ મહેતા, વિજય મહેતા, ધર્મેન્દ્ર જાની, રાજુ કડીયા, ખિમજીભાઈ કડીયા, મયુર રાજય ગુરૂ, સહીતના સેવકો એ ભારે જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેમ પ્રકાશ કારીયાએ એક યાદીમાં જણાવ્યું હતું.

## અમરેલી ખાતે ગવર્મેન્ટ પોલિટેકિનક ખાતે ફાયર એન્ડ સેફટીની જાગૃતિ મામલે એકસપર્ટ દ્વારા માર્ગદર્શન અપાયુ



અમરેલી, તા. ૨૨

હાલમાં વધતા જતા ઔદ્યોગિક અકસ્માત માટે ભવિષ્યમાં બનવા જઈ રહેલા એન્જિનિરોને જાગૃતતા આવે અને અકસ્માત કે આગના બનાવો થી કેમ રક્ષણ મેળવવું તેના માટે સેટફી ક્ષેત્રના જાણીતા નિષ્ણાત અખિલ મહેતા દ્વારા ડો. જે. એન. મહેતા ગવર્મેન્ટ પોલીટેકિનકના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવેલું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ખાતાના વડા બી. સી. વઘાસીયા તેમજ ત.ફ રવિ નિમાવત અને સંસ્થાના અન્ય સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## વડેરા : જનતા વિદ્યાલયમાં આરોગ્લક્ષી કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૨

વડેરા જનતા વિદ્યાલય ખાતે આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ પોગ્રામ અંતર્ગત બાળકોના વજન, ઊંચાઈ, ઈખઈ, અને હિમોગ્લોબિનની તપાસ કરવામાં આવેલ તથા દરેક બાળકો ને પોષ્ટીક નાસ્તો અને પ્રોત્સાહક ભેટ આપવામાં આવેલ. આ તકે વડેરા ગામના સરપંચ ભરતભાઈ હપાણી, ઉપસરપંચ વિજયભાઈ બારૈયા, જનતા વિદ્યાલયના આચાર્ય મુકુંદભાઈ મહેતા, આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાનો સ્ટાફ સી એચ ઓ સપનાબેન રાણવા, એફ એચ ડબલ્યુ કે. બી દુધાત, એમ.પી. એચ. ડબલ્યુ ડી.જી રાજયગુરૂ, આશા બહેનો બીલકીસબેન તથા કાજલબેન અને જનતા વિદ્યાલયના શિક્ષકો નો સ્ટાફ ઉપસ્થિત રહેલ.

## તા.૨૫ ઓક્ટોબરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા.૨૫ ઓકટોબર, ૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૧ વાગ્યે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, આઈ.ટી.આઈ કેમ્પસ સાવરકુંડલા ખાતે ભરતી મેળાનું આયોજન છે. ભરતી મેળામાં સનરાઈઝ એનટરપ્રાઈઝ રાજુલા દ્વારા હેવી ટ્રક ડ્રાઈવરની જગ્યા માટે ૨૦ થી ૫૦ વર્ષની વયમર્યાદા તેમજ ઓછામાં ઓછુ ધો.૮ પાસની શૈક્ષણિક લાયકાત આવશ્યક છે. એલ.આઈ.સી. સાવરકુંડલા દ્વારા એમ.ડી.આર.ટી એજન્સી (ફાઈનાન્સિયલ કનસલટન્ટ)ની જગ્યા માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ધો.૧૨ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/accout/signup પર નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરી પોર્ટલ જોબફેરના મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. ભરતીમેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધાણી કરાવવી ફરજિયાત છે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ઉના, ધોકડવા, ગીરગઢડા વિસ્તારમાં ગરીબ પરિવારોને કપડા, ચકલી ઘર સહિતની ચિજવસ્તુઓનું નિઃશુલ્ક વિતરણ

તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.



દિવાળી જેવાં પવિત્ર તહેવારમાં દરેક ઘરમાં ખુશીનો માહોલ છવાઈ ગરીબથી માંડીને મધ્યમ અમીર માણસ પોતાના સંતાનોને પરિવારને નવાં કપડાં અને ચીજ વસ્તુઓ બજારમાંથી ખરીદી કરી ખુશીઓ લાડ પ્રેમથી રાખીને તહેવાર મનાવતાં હોય છે. આટલાં મોટાં આપણાં દેશમાં ઘણાં એવા પરિવાર પણ છે કે પોતે મહેનત મંજુરી કરીને માંડ માંડ પોતાનાં ઘરનું ગુજરાન ચલાવતાં હોય. આજનાં મોંઘવારીનાં સમયે અવનવું ફેશનેબલ વસ્ત્રોની દુનિયામાં ગરીબીનાં કારણે આવાં વસ્ત્ર ગરીબ શ્રમિક મધ્યમ વર્ગના લોકો ખરીદી નથી શકતા ત્યારે તહેવારોમાં નિરાશ થઈ જતાં હોય છે. આવાં સમયે ઉના, ગીરગઢડા, ધોકડવા જેવાં મુખ્ય મથકમાં એક દિવાળી માનવતાની તેવા હેતુસર મિત્ર મંડળ દ્વારા છેલ્લા આઠ વર્ષથી અનોખી પહેલ કરવામાં આવેલ તેમાં ગરીબ પરિવારોને કપડા સહિતની ચિજવસ્તુઓનું વિતરણ કરી સેવાનું કાર્ય હાથ ધરવામાં આવતાં ગરીબો નાં ઘરોમાં પણ ખુશીની જયોત ઝબૂકે છે. શહેરમાં દિવાળીનાં પર્વ નિમીત્તે મધ્યમ અને ગરીબ પરિવારો જે કપડાની ખરીદી કરી શકતા ન હોય તેવા પરિવાર માટે ગીર ગઢડા ખાતે ટેન્ટ ઉભુ કરવામાં આવ્યું હતુ. જેમાં ગરીબ પરિવારો સારા કપડાં પહેરે અને દિવાળી સારી રીતે ઉજવે તેવા લક્ષ્યથી મિત્ર મંડળના સેવાભાવી યુવાનો દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. આ સેવાના કાર્યમાં કોઈ પણ ફાળો લેવામાં આવતો નથી. ઉના શહેરમાં બે દિવસ કપડા વિતરણ કાર્યક્રમ રાખેલ છે. આજ તા.૨૧ના રોજ ગીરગઢડા અને ધોકડવા ખાતે આ સેવા કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આમ એક દિવાળી માનવતાની મિત્ર મંડળનું આ કાર્યને સૌ કોઈએ સેવાકિય પ્રવૃત્તિઓને બિરદાવી સહયોગ આપી રહ્યા છે. ગરીબો અને અમીરો વચ્ચેનું જે અંતર છે તેને દૂર કરવાના હેતુથી એક માનવતા ગ્રૃપ દ્વારા નિઃશુલ્ક કપડા વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં ગરીબ પરિવારોના દિકરા, દિકરીઓ, બાળકો, એકસમાન દિવાળી મનાવે, સારા નવા કપડા પહેરી ખુશીથી દિવાળીની ઉજવણી કરી શકે તેવા હેતુથી ગરીબોને કપડા વિતરણ કરી ગરીબોના ચહેરા પર આ ગૃપના લોકો ખુશી જોવા માંગે છે. જેમાં તમામ સેવાભાવી લોકો તેમજ રાજકીય, અગ્રણી , પત્રકારો , સામાજિક સંસ્થાઓ સહિત લોકોનો સાથ સહકારથી આ કાર્ય કરવામાં આવે છે. કપડા વિતરણ સહિત પર્યાવરણ બચાવો અભિયાન, સ્વચ્છતા એ પ્રભુતા પંચ તત્વોને બચાવવાનું કામ ચકલી ઘર આપીને ગરીબ પરિવારોના ઉત્થાનની કામગીરી હાથ ધરવામાં આવે છે .એક દિવાળી માનવતા ગ્રૃપ બિનરાજકીય રીતે તહેવારોની ઉજવણીમાં નિઃશુલ્ક કપડાંનું વિતરણ કરીએ છીએ અને સર્વ સમાજના લોકો દ્વારા પોતાના ઘરે રહેલા નવા, જુના કપડાઓ આપે છે. એ તમામ કપડાઓ ગરીબ પરિવારો અહીથી મનગમતા માપ સાઈજ ના કપડાઓ લઈ જતા હોય છે ત્યારે તેના ચહેરા પર ખુશીની લહેર જોવા મળે છે.

# રાજુલાના બાબરીયાધાર અને ખાંભાના મોટા સમઢિયાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



રાજ્ય સરકારની જનકલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો છે. તા. ૩૧ ઓકટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા મહાનગરપાલિકા દીઠ બે સેવા સેતુ કાર્યક્રમ આયોજિત થાય તે પ્રકારે આયોજન નક્કી કરવામાં આવ્યુ હતુ. રાજય સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી જનકલ્યાણલક્ષી સેવા–સુવિધા સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદેશ્ય છે. સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે. અમરેલી જિલ્લાના રાજુલાના બાબરીયાધાર અને ખાંભાના મોટા સમઢિયાળા મુકામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના તેમજ વૃદ્ધ સહાય યોજના અંતર્ગત લાભાર્થીઓને હુકમનું સ્થળ પર વિતરણ કરવામાં આવ્યુ હતુ. રાજય સરકારની વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લાભાર્થીઓને ઘર આંગણે આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સેવા સેતુ કાર્યક્રમમાં રાશનકાર્ડમાં નામ સુધારણા, આવકના દાખલા, નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ, આરોગ્ય ચકાસણી સહિતની અરજીઓ અન્વયે સ્થળ પર જ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવે છે. રાજય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

## પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદનાં જીકાદ્રી ગામની સીમમાંથી

કલાકો સુધી શોધખોળ હાથ ધર્યા બાદ મોડી રાતે બાળકોના માત્ર અવશેષો જ મળતા અવશેષો એકત્ર કરી વનવિભાગ દ્વારા પ્રથમ જાફરાબાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. આ ઘટનાને લઈ લોકો અહીં મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને સમગ્ર આસપાસના વાડી વિસ્તારમાં ગભરાટ સાથે ફફડાટ ફેલાયો હતો. આ ઘટનાને લઈ વન્યપ્રાણી સામે ગ્રામજનોમાં નારાજગીનો માહોલ સર્જાયો હતો. સમગ્ર ઘટનાની જાણ શેત્રુંજી ડીવીઝન ડીસીએફ જયન પટેલને થતા સિંહણને તાત્કાલિક પાંજરે પુરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી.

મોડી રાતે સિંહણને પકડવા વન વિભાગના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા સ્કેનિંગ શરૂ કરવામાં આવ્યું. ડોકટરની ટીમ પણ આ કામગીરીમા જોડાય હતી. સિંહણની શોધખોળ હાથ ધરી સિંહણને પાંજરે પૂરવા કવાયત હાથ ધરી છે. ગ્રામજનોએ માંગ કરી સિંહણને તાત્કાલિક પાંજરે પુરી દૂર લઈ જવા માટેની માંગણીઓ ગ્રામજનો, સરપંચ દ્વારા કરવામાં આવી હતી. રાતભર વનવિભાગની ટીમો દ્વારા દોડધામ શરૂ કરવામાં આવી હતી.

નવી જીકાદ્રી ગામના સરપંચ લાલભાઈ બોરીચાએ જણાવ્યું મજૂરો કપાસ વિણતા હતા તેની સાથે બે છોકરા હતા જેમાં ૧ છોકરાને સિંહણ લઈ ગઈ પછી અમે ગ્રામજનો ભેગા થયા બે ત્રણ કલાકો સુધી શોધખોળ હાથ ધરી પછી વનવિભાગના આર.એફ.ઓ. બધા આવી ગયા સાથે શોધખોળ હાથ ધરી ડેડબોડી મળી ગઈ છે. પીએમ માટે મોકલી દીધી છે સિંહણને પકડવા માટે તજવીજ હાથ ધરી છે. સિંહ અને દીપડાનું ઘર બની ગયું છે અહીંયા કામ કેમ કરવું અહીંયા રોજ બનાવ બને એવું છે અમારી એકજ માંગ છે સિંહ પાછા લઈ જાવ બસ એકજ માંગ છે.

જાફરાબાદ આર.એફ.ઓ. જી.એલ. વાઘેલાએ કહ્યું ગ્રામજનોએ જાણ કરી એટલે અમારી ટીમ અહીંયા પહોંચી ગઈ છે. બાળકનો મૃતદેહ મળ્યો છે હોસ્પિટલમાં ખસેડાયા છે સિંહણને પકડવા માટે પાંજરા ગોઠવી કામગીરી શરૂ કરવામાં આવી સિંહણનું લોકેશન લઈ પાંજરે પુરી દેવામાં આવશે.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલાનાં નેસડી–૧ ગામે

ગાર્ડએ આરોપીને ગાડી સરખી ચલાવવાનું કહેતા આરોપીને સારૂ નહી લાગતા ફોરેસ્ટ ગાર્ડને પોતાની કાયદેસરની ફરજમાં જવા સારૂ રૂકાવટ કરીહુમલો કરી ફોરેસ્ટ ગાર્ડને જાનથી મારી નાખવાના ઈરાદે લોખંડના પાઈપ વડે જીવલેણ હુમલો કરી મહિલા ફોરેસ્ટ ગાર્ડને માંથામાં એક ઘા મારી ગંભીર ઈજા કરી બીજો જીવલેણ ઘા માથામાં કરતા મહિલા ફોરેસ્ટ ગાર્ડએ પોતાનો જમણો હાથ આડો કરતા જમણા હાથે ફેકચર કરી અને ત્રીજો ઘા જમણા પગે નળામાં મારી ફેકચર કરી અને શરીરે આડેધડ મુંઢ માર મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ જ બનાવમાં સામાપક્ષે રાજુલા તાલુકાના નેસડી–૧ ગામે રહેતા નનાભાઈ કાળાભાઈ લાખણોત્રા પોતાની મોટર સાયકલ લઈને ડુંગરથી પોતાના ઘરે જતા હોય અને પોતાના ઘર પાસે પહોંચતા પાછળ રાજુલા તાલુકાના દાતરડી ગામે રહેતા અને ફોરેસ્ટ ગાર્ડ તરીકે નોકરી કરતાં આશાબેન રાણાભાઈ ચુડાસમા આવતાં હોય તેમણે પોતાની મોટર સાયકલની બ્રેક મારતા તે નીચે પડી જતા તેણીએ નનાભાઈને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ. જેથી ગાળો દેવાની ના પાડતા તેણીએ તેની મોટર સાયકલમાંથી લોખંડનો પાઈપ કાઢીને નનાભાઈને માથાના ભાગે તેમજ જમણા હાથે કોણીના ભાગે તેમજ ડાબી બાજુ પડખાના ભાગે મારી માથામાં ગંભીર ઈજા કર્યાની સામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું લીલીયામોટાનાં શ્રમિક યુવકે

આવ્યો હતો. બનાવની જાણ હોસ્પિટલ દ્વારા લીલીયા પોલીસને કરવામાં આવતા પોલીસે હોસ્પિટલ પહોંચી યુવકનું નિવેદન નોંધ્યું હતું.

મેં ૨૫ દિવસ પહેલા મિત્ર શાંતિભાઈ બગડા પાસેથી રૂા. ૨૫૦૦ ઉછીના લીધા હતા અને આ પૈસાની ઉઘરાણી શાંતિભાઈ બગડા અને સમીર બેલીમ કરતા હતા. બે દિવસ પહેલા સિવિલ પરામાં સલીમ બેલીમ રસ્તામાં મળતા પૈસા આપી દેજે નહીંતર જાનથી મારી નાખીસ તેવી ધમકી આપી લાફો માર્યો હતો. શાંતિભાઈ, સલીમ અને સલીમ બેલીમ ત્રણેય ધમકાવતા હોવાથી ગભરાઈ જઈ પગલું ભરી લીધું હતું. પોલીસે યુવકના નિવેદનના આધારે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ધોળા ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સાધુ સંતોનું ચિંતન મહાસંમેલન યોજાયું



સાવરકુંડલા, તા. ૨૨

ઘોળા ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સાધુ સંતોનું ચિંતન મહાસંમેલન યોજાયું જેમાં સાવરકુંડલાથી કબીર ટેકરી મહંત નારાયણદાસ બાપુ–કુંડળપૂર હનુમાનજી મંદિર મહંત કરશનગિરી બાપુ બજરંગ દાસ બાપા રામાનંદ ગુરૂકુળ મહંત ઘનશ્યામદાસ બાપુ તથા વિ હિન્દૂ પરિષદ (સૌરાષ્ટ્ર પ્રાંત ધર્માચાર્યા સંપર્ક પ્રમુખ પ્રવીણસિંહ કંચવા વિભાગ મંત્રી જગદીશભાઈ રૈયાણી તથા પરિષદના કાર્યકાની ઉપસ્થિતમાં સાધુ સંતોનું મહાચિંતન સંમેલન યોજાયું.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૮૭૦ | ૧૪૦૦ |
| ૨ | મગફળી | ૭૦૦ | ૯૮૦ |
| ૩ | ઘઉં | ૫૫૫ | ૫૫૫ |
| ૪ | ચણા | ૧૧૫૦ | ૧૩૭૬ |
| ૫ | અડદ | ૮૭૦ | ૧૪૨૧ |
| ૬ | ધાણા | ૧૩૨૬ | ૧૩૨૬ |
| ૭ | સોયાબીન | ૬૦૬ | ૭૮૦ |
| ૮ | શીંગદાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૪૦ | ૧૧૩૨ |
| ૨ | શિંગ મોટી | ૭૪૧ | ૧૧૯૨ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૮૧ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૯૮૦ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | ૩૮૪૧ |
| ૬ | બાજરો | ૩૭૦ | ૪૩૪ |
| ૭ | જુવાર | ૭૦૫ | ૮૮૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૫૩ |
| ૯ | ઘઉં લોકવન | ૫૩૬ | ૬૨૩ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | ૫૦૪ |
| ૧૧ | મગ | ૭૯૦ | ૧૭૩૧ |
| ૧૨ | અડદ | ૭૯૦ | ૧૫૬૦ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૫૧૫ |
| ૧૪ | કપાસ | ૮૭૦ | ૧૬૯૦ |
| ૧૫ | એરંડા | ૧૦૯૦ | ૧૨૪૭ |
| ૧૬ | જીરૂ | ૨૯૫૦ | ૪૬૪૦ |
| ૧૭ | ધાણા | ૧૨૮૦ | ૧૩૪૦ |
| ૧૮ | અજમા | ૧૯૭૫ | ૨૩૪૦ |
| ૧૯ | મેથી | ૯૦૦ | ૧૧૨૮ |
| ૨૦ | સોયાબીન | ૬૦૦ | ૮૬૦ |
| ૨૧ | રજકાનું બી | ૪૯૬૦ | ૫૧૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૫૦ | ૧૫૨૫ |
| ૨ | સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |
| ૩ | અડદ | ૧૦૫૦ | ૧૧૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૬૫૦ |
| ૨ | કપાસ કોડી | ૧૦૫૦ | ૧૨૮૦ |
| ૩ | મગફળી નવી | ૯૩૦ | ૧૧૬૦ |
| ૪ | મગ | ૧૨૮૦ | ૧૫૪૦ |
| ૫ | અડદ | ૧૨૬૦ | ૧૪૮૦ |
| ૬ | ઘઉં | ૪૮૬ | ૬૪૪ |
| ૭ | સોયાબીન | ૭૫૮ | ૮૦૨ |
| ૯ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૯૦ |
| ૧૦ | જીરૂ | ૩૯૭૦ | ૪૫૮૦ |
| ૧૧ | તલ કાળા | ૨૭૬૦ | ૩૫૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૫૦ | ૧૦૫૫ |
| ૨ | શીંગ મોટી | ૮૨૦ | ૧૧૯૨ |
| ૩ | તલ સફેદ | ૨૦૨૦ | ૨૩૦૧ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૩૫૫૫ |
| ૫ | જીરૂ | ૪૧૫૦ | ૪૬૬૧ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૧ | ૬૪૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૬ | ૭૨૬ |
| ૯ | બાજરો | ૩૪૮ | ૫૨૦ |
| ૧૦ | જુવાર | ૪૭૪ | ૬૨૫ |
| ૧૧ | મગ | ૧૧૨૫ | – |
| ૧૨ | અડદ | ૧૧૨૫ | ૧૫૭૦ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | રાય/રાયડો | ૧૧૯૧ | – |
| ૧૫ | સોયાબીન | ૬૮૧ | ૮૪૨ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૯ | ૧૫૬૩ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૪૫૦ | ૧૦૦૬ |

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## જાહેર સુચના

ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લી. (BPCL) ભારતીય કંપની અધિનિયમ ૧૯૧૩ હેઠળ સમાવિષ્ટ કંપની ૧૬૧૯.૫૫ ચો.મી. ની ખાલી પડેલી જમીન લીઝ પર લેવા માંગે છે. ગામ મીઠાપુર ડુંગરી, તા. ધારી, જી. અમરેલી, ગુજરાત રાજય ખાતે આવેલ સં.નં. ૨૧ પૈકી ૧/ પૈકી ૧ / પૈકી ૨ તેના માલીક અને ટાઈટલ ધારક શ્રી અનકભાઈ હરસુરભાઈ વાળા મું. નાની ગરમલી, તથા ૨... શ્રી ચાંપરાજભાઈ અમરૂભાઈ ધાધલ મું. ચલાલા, તા. ધારી, જી. અમરેલી, ગુજરાત રાજય વાળા પાસેથી ૧૯ વર્ષ ૧૧ મહિનાના સમયગાળા માટે ભાડેથી લેવા માંગે છે, જેની ચતુઃસીમા પુર્વે સં.નં. ૨૧ પૈકી ૧/ પૈકી ૧/ પૈકી ૧/ ની જમીન, પશ્ચિમે પ્રફુલભાઈ મધુભાઈ વાઘાણીની સં.નં. ૨૧ પૈકી ૧/ પૈકી ૩ની જમીન ઉતરે ધારી ચલાલા સ્ટેટ હાઈવે દક્ષિણે સં.નં. ૨૧ પૈકી ૧/ પૈકી ૧/ પૈકી ૨ની વધતી જમીન તથા ત્યારબાદ વોકળુ. જો ઉપકરોત શ્રી અનકભાઈ હરસુરભાઈ વાળા મું. નાની ગરમલી, તથા ૨... શ્રી ચાંપરાજભાઈ અમરૂભાઈ ધાધલ સિવાય અન્ય કોઈ વ્યકિત આ મિલકત પર કોઈપણ હકક કે દાવો કરતી હોય તો તેની જાણ આજથી (પ્રકાશનની તારીખથી ૭ (સાત) દિવસની અંદર નિચેના સરનામે કરવી)

ટેરેટરી મેનેજર
BPCL રીટેલ ટેરેટરી ઓફિસ
ભારત ભવન લીમડા ચોક પાસે
રાજકોટ – ૩૬૦૦૦૧

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૭૦ | ૬૧૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૨૧ |
| ૪ | જીરૂ | ૩૭૦૦ | ૪૦૫૦ |
| ૫ | ચણા સફેદ | ૧૨૬૨ | ૧૨૬૨ |
| ૬ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૭ | અડદ | ૧૦૭૦ | ૧૩૫૫ |
| ૮ | ધાણા | ૧૧૨૫ | ૧૧૫૫ |
| ૯ | સોયાબીન | ૫૩૫ | ૭૪૦ |
| ૧૦ | મકાઈ | ૬૩૫ | ૬૩૫ |
| ૧૧ | મગફળી | ૬૦૭ | ૮૯૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૭૫ |
| ૧૩ | જુવાર | ૪૦૦ | ૬૪૦ |
| ૧૪ | લસણ | ૨૪૬૦ | ૨૪૬૦ |

## જાહેર નોટિસ

આથી સર્વે લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે, કે મોજે રાજુલા મુકામે બીનખેતી જમીન સર્વે નં. ૩૩૪/૧ પૈકીની જમીન એ ૪ – ૦૦ ગુંઠા, ''બ્રાહ્મણ સોસાયટી''માં આવેલ રહેણાંકના હેતુ માટેનો પ્લોટ નં. ૮, ચોરસ મીટર – ૩૬૨.૪૯, સીટી સર્વે નં. ૪૦૩૩માં આવેલ બે મકાનવાળી મિલકત (૧) હર્ષાબેન રતિલાલ સાવલીયા તથા (૨) રતિલાલ જસમતભાઈ સાવલીયાની સંયુકત માલીકી કબ્જા ભોગવટાની આવેલ છે. અને સદરહું મિલકત અમારા અસીલ શ્રી શૈલેષભાઈ વિનુભાઈ વાઘેલા ખરીદ કરવા માંગે છે, અને જેના અનુસંધાને સદરહું મિલકત બાબતે અમારી પાસે સદરહું ઉપકરોત મિલકતનું ટાઈટલ કિલયર સર્ટીફિકેટ મેળવવા માટે માંગણી કરેલ છે. સદરહું મિલકતના ઉતરોતર વેચાણ દસ્તાવેજ તપાસતા, (૧) હર્ષાબેન રતિલાલ સાવલીયા તથા (૨) રતિલાલ જસમતભાઈ સાવલીયાએ દેના બેંક – રાજુલા જોગનું કરી આપેલ રજી.મોર્ટગેજ અનું નંબર : ૮૪૫, તા. ૧૨/૦૬/૨૦૧૫, તેમજ દેના બેંક – રાજુલા શાખા (હાલ બેંક ઓફ બરોડા) એ (૧) હર્ષાબેન રતિલાલ સાવલીયા તથા (૨) રતિલાલ જસમતભાઈ સાવલીયા જોગનું કરી આપેલ તે જ સદરહું મિલકતનું રિકન્વેયાન્સ ડીડ (ગીરો મુકેલ મિલકતનુ ફેરખત) જેનો રજી.અનું.નંબર : ૧૪૬૫, તા. ૩/૧૧/૨૦૧૧છે. તે બંને દરતાવેજો મળવામાં નથી. અને તે બંને અસલ દસ્તાવેજો ગુમ થયેલ છે, અને જેથી સદરહું બંને દસ્તાવેજો બાબતે કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય, તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૭ (સાત)માં નીચે જણાવેલ સરનામે અમોને લેખીત અથવા દસ્તાવેજ આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો વાંધો, તકરાર નહિં આવે તો ઉપકરોત મિલકતમાં કોઈનો કઈપણ પ્રકારનો લાગભાગ કે હકક, હિત, હિસ્સો, બોજો કે લીયન નથી, અને હોય તો તે જતા (વેવ) કરેલ છે. તેમ સમજી આ સદરહું મિલકતનું ટાઈટલ કિલયર સર્ટીફિકેટ આપીશું. જેની તમામે નોંધ લેવી.

સ્થળ : રાજુલા
તારીખ : ૨૨/૧૦/૨૦૨૪

**આશીષ એન. પરમાર (એડવોકેટ)**
૨, મારૂતી નંદન કોમ્પલેક્ષ, નવી પ્રાંત ઓફિસ સામે, મું. રાજુલા – ૩૬૫૫૬૦ મો.નં. : ૯૭૨૩૧ ૯૬૮૫૨/ ૭૪૦૫૭ ૬૭૩૯૭

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૨૬ | ૮૨૬ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૩ | ૨૫૨૬ |
| ૩ | બાજરો | ૪૪૦ | ૬૦૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૪૮ | ૬૯૦ |
| ૫ | જુવાર | ૪૮૦ | ૭૫૫ |
| ૬ | મગ | ૧૪૧૪ | ૧૪૧૪ |
| ૭ | અડદ | ૧૦૫૧ | ૧૮૦૦ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૯ | સોયાબીન | ૬૬૬ | ૭૯૨ |
| ૧૦ | રાય | ૧૨૭૫ | ૧૨૭૫ |

# સાવરકુંડલામાં વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ દ્વારા રાહતદરે ફટાકડા વિતરણનો પ્રારંભ



સાવરકુંડલામાં શ્રી વિરદાદા જસરાજ સેના ટ્રસ્ટ દ્વારા સેવાકીય પ્રવૃતિના લાભાર્થે રાહત દરે ફટાકડા વિતરણનો પ્રારંભ ગતરોજ લોહાણા વિદ્યાર્થી ભુવન એકસિસ બેન્કની સામે મહુવા રોડ સાવરકુંડલા ખાતે શુભારંભ થયો જેમાં ૫૦૦થી વધુ ફટાકડાની વેરાઈટીઓ જોવા મળી. અહીં પાર્કિંગની પણ સુવિધા છે. એટલે ફટાકડા ખરીદીવખતે સાનુકૂળતા રહે. વિશેષમાં સાવરકુંડલા શહેર તાલુકામાં કોઈપણ સેવાકીય સંસ્થા કે વ્યકિત જરૂરિયાતમંદોને મદદરૂપ થવાની ભાવનાથી ફટાકડા લઈ જશે તો વિરદાદા જસરાજ સેના સેવાના હેતુથી કોઈ પણ જાતનો નફો લીધા વગર કે સંસ્થા કે વ્યકિતને આવકારે છે. તેમજ એક પણ રૂપિયાનો નફો લીધા વગર ફટાકડાની કિટ તૈયાર કરી અપાશે તેમ વિરદાદા જસરાજ સેના ટ્રસ્ટના હિતેશ સરૈયાએ જણાવ્યું છે. ગતરોજ સાંજે માનવમંદિરના પૂ ભક્તિરામબાપુ, કુંડલપુર હનુમાનજી મંદિરના મહંત પૂ કરશનગીરી બાપુ રઘુવંશી અગ્રણી ચંદ્રેશભાઈ રવાણી વગેરેની ઉપસ્થિતિમાં ફટાકડા વિતરણનો પ્રારંભ થયો. આ પ્રસંગે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયા, લોહણા સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ શહેરના અગ્રણી પત્રકારો તેમજ સામાજિક કાર્યકરોની વિશાળ ઉપસ્થિતિમાં પૂ. ભક્તિરામબાપુ સમેત સંતોએ ફટાકડા ફોડીને દિવાળીના તહેવારોનો પ્રારંભ કર્યો. અત્રે એ નોંધનીય રહેશે કે વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા શહેરમા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર રહે છે.

## બી.એ.પી.એસ. શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે


# અમરેલીમાં નૂતન વર્ષે સવારે ૮:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી ૧૦૦૦થી વધુ શુધ્ધ શાકાહારી વાનગીઓનો મહા અન્નકૂટ યોજાશે

### ૧૨ સેવાભાવી સંસ્થાઓ દ્વારા જરૂરીયાતમંદો સુધી અન્નકૂટનો પ્રસાદ પહોંચાડવામાં આવશે

અમરેલી, તા. ૨૨

ભગવાન શ્રી કૃષ્ણની ઉપસ્થિતિમાં ગોવર્ધન પૂજારૂપે ગોકુળથી શરૂ થયેલો અન્નકૂટોત્સવ આજે ૫૦૦૦ વર્ષ પછીય ભારતીય ભકિત પરંપરાની એક વિશિષ્ટ સ્મૃતિ કરાવે છે અને ભકિતનું એક અનોખું મોજું પ્રસરાવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે અન્નકૂટોત્સવો રચાવીને પ્રજાને ભકિતરસમાં રસબસ કીધી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ અન્નકૂટની આ ભકિત પરંપરાનો મહિમા સમગ્ર વિશ્વમાં વિસ્તાર્યો છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયેલ અન્નકૂટ ઉત્સવ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસથી લઈને બ્રિટનની પાર્લામેન્ટ, ઈંગ્લેન્ડના 'હાઉસ ઓફ કોમન્સ' સુધી પહોંચાડવાનું ઐતિહાસિક પૃષ્ઠ પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ઉમેરાયું છે.

આજ પરંપરામાં અમરેલી મુકામે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ભગવાન સ્વામિનારાયણની કૃપાથી અને પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અને પ.પૂ.મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી ભારતીય હિન્દુ પરંપરા અનુસાર ૧૦૦૦ કરતા વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ઉત્સવ આગામી તા. ૦૨ નવેમ્બર, ૨૪ને શનિવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી યોજાશે.



આ મહાઅન્નકૂટ ઉત્સવમાં ભગવાન સ્વામિનારાયણ, ભગવાન સિતારામ, ભગવાન રાધાકૃષ્ણ, ભગવાન લક્ષ્મીનારાયણ, ભગવાન શિવ પાર્વતીજી, ગણેશજી, હનુમાનજી તથા સમગ્ર ગુરૂપરંપરા સમક્ષ મહાઅન્નકૂટ ધરાવી, ભકતો વિશેષ ભકિત અદા કરશે. અન્નકૂટ ઉત્સવના દિવસે સવારે ૮:૦૦ થી સાંજે ૫ સુધી દર બે કલાકે અન્નકૂટ આરતી યોજાશે, જેનો તમામ ભકતજનો લાભ લઈ શકશે.

અન્નકૂટ ઉત્સવની પૂર્વ સંધ્યા એટલે કે દિપોત્સવના પાવન પર્વે તા.૩૧ નવેમ્બર, ૨૪ના રોજ સાંજે ૫ થી ૭દરમ્યાન અમરેલી શહેરના વેપારીઓ ઠાકોરજી સમક્ષ ચોપડાપૂજન વીધિમાં જોડાશે. જેમાં અમરેલી શહેરના તમામ વેપારીઓને ચોપડા પૂજન વીધિમાં જોડાવવા માટેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે.

આ મહાઅન્નકૂટ ઉત્સવમાં જુદા જુદા સેવાના ૩૦ વિભાગોમાં ૫૫૧થી વધુ આબાલ-વૃધ્ધ સ્વયંસેવકો પોતાની સેવા આપશે. અન્નકૂટ ઉત્સવને અનુલક્ષીને સમગ્ર મંદિર પરિસરને સુશોભિત કરવામાં આવશે. આ અન્નકૂટ ઉત્સવ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સંત નિર્દેશક પૂ.સાધુચરિત સ્વામી, પૂ.વિનયજીવન સ્વામી, પૂ.દિવ્યસેતુ સ્વામી તથા પૂ.યોગવીરસ્વામીના માર્ગદર્શન નીચે તમામ હરિભકતો સેવામાં જોડાશે.

વિશેષમાં, આ અન્નકૂટ પૂર્ણ થયેથી અન્નકૂટનો પ્રથમ પ્રસાદ અમરેલી શહેરની જુદી જુદી સામાજીક સંસ્થાઓ દ્વારા આ પ્રસાદ અમરેલી તથા આજુબાજુના જરૂરીયાતમંદોને પહોંચાડશે. આ મહાઅન્નકૂટ ઉત્સવના દર્શન કરવા માટે અમરેલી શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી ધર્મપ્રેમી જનતાએ પધારવા માટે ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# દામનગર-લાઠી બાયપાસ માર્ગ ઉપર સ્પીડ બ્રેકર બનાવવા માંગ



દામનગર, તા. ૨૨

દામનગર-લાઠી વચ્ચે ભુરખીયા બાયપાસ-મેથળીનાં પાટિયે અને અમરશીભાઈની વાડી પાસેના વળાંકમાં સ્પીડ બ્રેકર બનાવા માંગ ઉભી થઈ છે. તાલુકા મથક લાઠી અને સ્વયં પ્રગટ શ્રી ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરે દર્શન કરવા માટે કાયમ હજારો દર્શનાર્થીઓ આવે છે તેમજ દામનગર અને આજુબાજુના ગામોના લોકોને તાલુકા અને જીલ્લા મથક અમરેલી જવા માટે આ માર્ગ પરથી પસાર થવાનું હોય છે. આ માર્ગ સતત ૨૪ કલાક વાહન વ્યવહારથી ધમધમતો હોય છે. લાઠીથી દામનગર ૧૬ કી.મી.નાં માર્ગમાં અકસ્માતોની ઘટના બનતી રહે છે. ઉપર જણાવેલ સ્થળોએ સ્પીડ બ્રેકર ન હોવાથી પૂરપાટ ઝડપે હંકારતા વાહનોને કારણે આ માર્ગ પર અકસ્માતોથી કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા છે અને કેટલાય લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ માર્ગ પરથી જનતાના પ્રતિનિધિઓ રોજ આવન-જાવન હોય છે. સરકારી અધિકારીઓ પણ કામકાજ અર્થે અહીંથી નીકળે છે. આ ૧૬ કી.મી.નાં માર્ગ પર મારેલ સફેદ પટ્ટાથી કોઈ વાહનવાળા ધીમા નથી ચલાવતા (સફેદ પટ્ટાથી વાહન ચાલકોને કોઈ ફરક પડતો નથી) સફેદ પટ્ટાની કોઈ અસર થતી ન હોય દર્શાવેલ આ માર્ગ અને પોઈન્ટ પર તાત્કાલિક સ્પીડ બ્રેકર બનાવવામાં આવશે તો જ અકસ્માતોનું પ્રમાણ ઘટશેજ. તંત્ર તાકીદે યોગ્ય કરે એવી માંગ ઉઠી છે.

## ખુંટ પરિવારના પિતૃ મોક્ષાર્થે

# અકાળામાં શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનું આયોજન

### શાસ્ત્રી ચિંતનભાઈ પંડયા કથાનું રસપાન કરાવશે

લાઠી, તા. ૨૨

લાઠી તાલુકાના અકાળા ગામે નવા વર્ષના મંગલ પ્રારંભમાં ભાઈબિજથી તા. ૩/૧૧/૨૪ રવિવારથી તા. ૯/૧૧/૨૪ શનિવાર સુધી અમરેલીના જાણીતા ડોકટર અને મુળ અકાળાના રહેવાસી ડો. ચંદ્રેશભાઈ ખુંટ દ્વારા પોતાના પિતૃઓના પુણ્યથી ભવ્ય શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરેલ છે.

કથાની વ્યાસ પિઠ ઉપર શાસ્ત્રી ચિંતનભાઈ પંડયા (અકાળા વાળા હાલ-અમરેલી) પોતાના સુમધુર સંગીતના સુરો વડે કથાનું રસપાન કરાવશે.

કથા દરમ્યાન નૃસિંહ જન્મ, વામન જન્મ, રામ જન્મ, કૃષ્ણ જન્મ, ગોવર્ધન પુજા તથા રૂક્ષ્મણી વિવાહ જેવા પ્રસંગો ધામધુમથી ઉજવાશે.

કથા માટે સમગ્ર અકાળા ગામમાં આનંદનો માહોલ ફેલાયો છે. હાલ ખુંટ પરિવાર દ્વારા કથાની તડામાર તૈયારી ચાલી રહી છે. કથાનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ.

## ચિ. હરિન્દ્રી પારંગભાઈ રાજપરાનાં જન્મદિને

# અમરેલીમાં બાલમુકુન્દ જવેલર્સ દ્વારા નવરાત્રિમાં બાળાઓને લ્હાણી વિતરણ

### સત્યનારાયણ મંદિરે નવરાત્રિ મહોત્સવ યોજાયો



અમરેલી, તા. ૨૨

અમરેલીનાં માણેકપરામાં આવેલ સત્યનારાયણ મંદિરે નવરાત્રિ મહોત્સવ યોજાયો હતો.

નવરાત્રિમાં રાસ-ગરબા રમતી ૬૫ બાળાઓને બાલમુકુન્દ જવેલર્સ પરિવારની લાડલી ચિ. હરિન્દ્રી પારંગભાઈ રાજપરાના જન્મદિને ચાંદીની છબી લ્હાણી સ્વરૂપે આપવામાં આવી હતી. તેમજ મંદિર માટે પાથરણા પણ ભેટ કરાયા હતા. નવરાત્રિ મહોત્સવમાં એએચપીનાં અગ્રણી દડુભાઈ ખાચર, સુરેશભાઈ સોલંકી, સંજયભાઈ પોપટ, કિશોરભાઈ મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા અગ્રણી સોમાભાઈ બગડાનાં અધ્યક્ષ સ્થાને

# લાઠીનાં રામપર ગામે દલિત સમાજનાં અગ્રણીઓની બેઠક યોજાઈ

### રાજકોટ પાલિકાનાં વિપક્ષીનેતા ઉપસ્થિત રહ્યા



લાઠી, તા. ૨૨

લાઠી તાલુકામાં રામપરા ગામે જિલ્લા દલિત સમાજના અગ્રણી સોમાભાઈ બગડા અધ્યક્ષ સ્થાને દલિત સમાજના અગ્રણીઓની એક બેઠક યોજાઇ હતી જેમાં અમરેલી રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ના દલિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લાઠી તાલુકાના રામપરા ગામે દલિત સમાજ અગ્રણી બીપીનભાઈ રાઠોડના નિવાસસ્થાને આયોજીત આ બેઠકમાં રાજકોટ મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા તેમજ ગઢડા ના ઉમરાળા માજી ધારાસભ્ય પ્રવીણભાઈ માઢ તેમજ ગુજરાત પ્રદેશ એસ એસ ડીના અધ્યક્ષ પી એલ મારૂ સાહેબ તેમજ માચીયાળા આઈ ભોળી માં જગ્યાના મહંત શ્રી કરશન ભગત, તેજાબાપા રામપર લાઠી બટુકભાઈ બઢિયા, મેઘજીભાઈ ચુડાસમા, રાજુભાઈ સાગઠીયા , મોહનભાઈ ઈંગોરાળા, માધડ ભાઈ અને અરવિંદભાઈ પરમાર અમદાવાદ, ધનજીભાઈ માંડવા, વાલજીભાઈ પરમાર સનાળી, ખીમભાઈ સાગઠીયા પાળીયાદ, કચ્છ ભુજ, જીલ્લા ભાજપ દલિત અગ્રણી માવજીભાઈ મહેશ્વરી નિવૃત શિક્ષક નરેન્દ્રભાઈ માધડ જયંતીભાઈ માઢં લાઠી દલિત સમાજ અગ્રણી રાજન, નિવૃત, કસ્ટમ અધિકારી જયેશભાઈ તેજાભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહી સમાજમાં એકતા કુરિવાજો, શિક્ષિત અને સંગઠિત બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી.

# અમરેલી ખાતે શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા ''શરદોત્સવ'' યોજાયો



અમરેલી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સંચાલિત સેવા સંઘ દ્વારા સમસ્ત સમાજ માટે શરદપૂનમ નિમિત્તે રાસ ગરબાની હરીફાઈનો કાર્યક્રમ કરવામાં આવેલો જેમાં, પાંચ વર્ષના બાળકોથી લઈ અને ૩૦ વર્ષ સુધીના ભાઈઓ બહેનો અને બાળકો આ કાર્યક્રમમાં સહભાગી થયેલા અને સમાજના વરિષ્ઠ આગેવાનો દુકાનદારો અને વેપારી ભાઈઓ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા યથાશક્તિ સહયોગ આપ્યો અને રાસે રમતા દરેક ભાઈઓ બહેનોને સેવા સંઘ તરફથી ઈનામો આપવામાં આવેલા જેમાં પ્રથમ ઈનામ લેડીસ સાયકલ બી પી એમ સાયકલ સ્ટોર તરફથી અને જેન્ટસ સાઈકલ સેવા સંઘ તરફથી આપવામાં આવેલી આ સિવાય ઘણા બધા ઈનામોના વણજાર સાથે આ કાર્યક્રમ ઉજવવામાં આવેલો, જેમાં ગુજરાત વિધાનસભાના દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, આંબાગામથી આપાગીગાની જગ્યાના મહંત પૂ.વંદનીય ઘનશ્યામ બાપુ અને નાગદેવતા મંદિર રાજમહેલના મહંત પૂજય હાર્દિકબાપુ તેમજ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી અને સમાજના મુખ્ય અતિથિ તરીકે સમાજ પ્રમુખ ભરતભાઈ ટાંક તથા ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણ, ટ્રસ્ટી જયંતીભાઈ મનાણી, ટ્રસ્ટી હિરેનભાઈ સોલંકી, ટ્રસ્ટી મનુભાઈ ટાંક તેમજ સમાજ દ્વારા ચાલતા તમામ મંડળોના પ્રમુખઓ તેમની ટીમ સાથે આ કાર્યક્રમમાં સહભાગી થયેલા અને સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી તેમજ પ્રમુખ કિશોરભાઈ આજુગિયા અને પૂરી ટીમના આમંત્રણને માન આપીને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા, ડોકટર દેસાણી, એડવોકેટ દડુભાઈ ખાચર, મજબૂત સિંહ બસીયા, દિલીપભાઈ બામટા, ઉદયસિંહ રાજપુત, ભદ્રસિંહ રાજપુત, સંજયભાઈ પોપટ તેમજ સંકલ્પ ગ્રુપ પ્રમુખ સંદીપભાઈ ધાનાણી, પ્રકાશભાઈ લાખાણી, સંદીપભાઈ પંડયા અને બીજી અન્ય સંસ્થાઓના વરિષ્ઠ આગેવાનોએ પણ હાજરી આપેલી અને આ કાર્યક્રમને સફળ બનાવવા સેવા સંઘની ટીમ પ્રમુખ સુરેશભાઈ સોલંકી, ઉપપ્રમુખ કિશોરભાઈ આજુગિયા, ઉપપ્રમુખ બાબુભાઈ પોરીયા, મંત્રી મુકેશભાઈ મંડોરા, ગોપાલભાઈ, પંકજભાઈ, ધર્મેન્દ્રભાઈ, ચેતનભાઈ, અલ્પેશભાઈ, ઉદયભાઈ, હરેશભાઈ, નૈમિશભાઈ, પ્રકાશભાઈ, મહેશભાઈ, પ્રદીપભાઈ, કૌશિકભાઈ, જયદીપભાઈ, લાલભાઈ, ધવલભાઈ, ઘનશ્યામભા, જયેશભાઈ, સુરેશભાઈ, અભયભા, મનોજભાઈ, મૌલિકભાઈ, અશ્વિનભા, ડેનિશભાઈ, ઋત્વિકભાઈ, જીતેનભા, નિલેશભાઈ, દીપકભાઈ, વિજયભાઈ, પરેશભાઈ, ગોપાલભાઈ, વિવેકભા, પરાગભાઈ, હિમાંશુભાઈ તથા આ સિવાય સેવા સંઘના તમામ કાર્યકર્તાભાઈઓ અને સમાજના પ્રમુખ ભરતભાઈ ટાંક સહિતના સમાજના તમામ ભાઈઓનો પણ સહયોગ મળેલ હતો, આ કાર્યક્રમના મુખ્ય સ્પોન્સર વિપુલભાઈ ભગુભાઈ ગેડીયા અને સુનિલભાઈ ભગુભાઈ ગેડીયા હતા. તેમ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકીની યાદીમાં જણાવેલ છે.

### માર્ગ ઉપર ઓવરટેક કરવા બાબતે માથાકૂટ

# રાજુલાનાં નેસડી-૧ ગામે ફરજ બજાવતાં મહિલા ફોરેસ્ટ ગાર્ડની ફરજમાં રૂકાવટની ફરિયાદ

### રાજકોટનાં સાંસદ પરશોતમભાઈ રૂપાલાનાં હસ્તે

## અમરેલીનાં નવા બસપોર્ટ શોપિંગ સેન્ટરમાં આજે ''નો નેકસ્ટ'' ગારમેન્ટ શો રૂમનો પ્રારંભ

### વાકોતેર પરિવારે આમંત્રિતોને ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો

અમરેલી, તા. ૨૨

અમરેલીનાં બસ પોર્ટ શોપિંગ સેન્ટરમાં આવતીકાલ બુધવાર ૨૩ ઓકટોબરનાં રોજ ''નો નેકસ્ટ'' ગારમેન્ટ શો રૂમનો રાજકોટનાં સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલાનાં વરદહસ્તે કરવામાં આવેલ છે. મુકેશભાઈ વાકોતેર, જીજ્ઞેશ વાકોતેર, વિરલ વાકોતેર, પ્રિયંક વાકોતેર સહિતનાં વાકોતેર પરિવારે આમંત્રિતોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે.




### સામાપક્ષેથી પણ ફોરેસ્ટ ગાર્ડ વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

અમરેલી, તા. ૨૨

મુળ તળાજા તાલુકાના સરતાનપર ગામના વતની અને હાલ રાજુલા તાલુકાના દાતરડી ગામે રહેતા અને ફોરેસ્ટ ગાર્ડ તરીકે નોકરી કરતાં આશાબેન રાણાભાઈ ચુડાસમા ગત તા. ૨૦ના રાત્રે ૧૧ વાગ્યે સરકારી બાઈક લઈને રાજુલા તાલુકાના નેસડી-૧ ગામે પોતાની કાયદેસરની ફરજ બજાવા જતા હોય. ત્યારે રાજુલા તાલુકાના નેસડી-૧ ગામે રહેતા આરોપી નનાભાઈ કાળાભાઈ લાખણોત્રાએ આ ફોરેસ્ટ ગાર્ડની બાઈકને બે-ત્રણ વાર ઓવર ટેક કરી રોડ વચ્ચે ગાડી ચલાવતા હોય. ફોરેસ્ટ

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)